॥ श्रीस्वामिनारायणो विजयते ॥

સત્સંગ શિક્ષણ શ્રેણી પાઠ્યપુસ્તક

બાળ સત્સંગ - ૧

પ્રકાશક
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪

BAL SATSANG, PART I (Gujarati Edition)
(Moral Science and Indian Culture Study Programme For Children)

A textbook for examination prescribed under the curriculum set
by Bochasanwasi Shri Akshar Purushottam Swaminarayan Sanstha.

Inspirer: HDH Pramukh Swami Maharaj

Presented by:
B A P S Swaminarayan Sanstha
Shahibaug, Amdavad - 380 004. India.

Publishers:
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad - 380 004. India.

13th Edition:
September 2009. Copies: 10,000 (Total Copies: 92,000)

Warning:
Copyright: © Swaminarayan Aksharpith
This book is published by Swaminarayan Aksharpith. Material from this book cannot be used without due acknowledgement to Swaminarayan Aksharpith, Shahibaug, Amdavad. For any reprints the written permission of the publishers is necessary.

ISBN: 81-7526-113-7

રજૂકર્તા : બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા
શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સૂચના : કોપીરાઈટ : © સ્વામિનારાયણ અક્ષરપીઠ
આ પુસ્તકના અંશો કોઈપણ સ્વરૂપે રજૂ કરવા માટે પ્રકાશકની લેખિત પરવાનગી મેળવવી અનિવાર્ય છે.

તેરમી આવૃત્તિ : સપ્ટેમ્બર ૨૦૦૯

પ્રત : ૧૦,૦૦૦ (કુલ પ્રત : ૯૨,૦૦૦)

કિંમત : રૂા. ૧૨-૦૦ (સ્વામિનારાયણ અક્ષરપીઠના સૌજન્યથી
મૂળ કિંમત **રૂા. ૧૮-૦૦**માંથી ઘટાડેલી કિંમત)

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

આશીર્વાદ

યોગીજી મહારાજે બાળમંડળોની શરૂઆત કરી ત્યારથી બાળકોને સંસ્કાર આપવા માટેની અનેક પ્રવૃત્તિઓ સંસ્થામાં ચાલે છે. આ 'બાળ સત્સંગ પરીક્ષા'ની પ્રવૃત્તિ પણ દિનપ્રતિદિન વિકાસ પામે તેવા અમારા આશીર્વાદ છે.

દુનિયામાં ઘણું ઘણું જાણવાનું ને શીખવાનું છે, પણ જે સાચું જાણવાનું ને શીખવાનું છે તે આ પુસ્તકમાંથી મળશે. આ પુસ્તકમાંથી સાચું શિક્ષણ મળશે.

આમાં ભગવાનનાં અને ભક્તોનાં સુંદર ચરિત્રો આપ્યાં છે, જેમાંથી ઘણું ઘણું શીખવા મળશે. જીવન જીવવાની ચાવી તેમાંથી મળશે. એ ચરિત્રો આપણને સેવાભાવી અને પરોપકારી થવાનું શીખવે છે. એ ચરિત્રો આપણને સંસ્કારી અને સાચા ભક્ત થવાનું શીખવે છે. જીવનમાં આગળ વધવા અને સુખી થવા માટે આ બધું અગત્યનું છે.

તો આ પુસ્તક સૌએ હોંશેહોંશે વાંચવું અને વિચારવું તથા પરીક્ષા માટે સારી રીતે તૈયારી કરવી.

સૌને આશીર્વાદ છે કે આ પુસ્તકમાંથી સાચું શિક્ષણ પામી જીવનમાં સુખી થાય.

– શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસ(પ્રમુખસ્વામી મહારાજ)ના
હેતપૂર્વક જય સ્વામિનારાયણ

પ્રકાશકીય

દર્પણ સામે શું ધરવું ?

આપણે જે જોવું હોય, અનુભવવું હોય તે.

સારું કે નરસું - જેવું આપણે અનુભવવું હોય તે દર્પણ સામે ધરવું.

બાળકનું ચિત્ત પણ નિર્મળ હોય છે, દર્પણની જેમ તેની સમક્ષ આપણે જેવું ધરીએ તેવું તે ચિત્તમાં અંકિત થાય. તેથી જ સારાં બાળકો તૈયાર કરવા તેમની સમક્ષ સારું અને સુંદર સાહિત્ય ધરવું પડે.

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે બાળકોને ગળથૂથીમાંથી જ સારા સંસ્કારો મળી રહે તે માટે શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ બાળમંડળની સ્થાપના કરી, અને તેનો સારો વિકાસ કરેલો. આજે વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોના ચિત્તમાં ઉચ્ચ ભાવનાઓ અને ઉત્તમ વિચારો અંકિત કરવાનું કાર્ય ચાલી રહ્યું છે. તેમાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા અને આશિષથી 'બાળ સત્સંગ પરીક્ષા'નું પણ વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યું છે. જેના ઉપક્રમે રોચક અને સંસ્કારપ્રેરક સાહિત્ય બાળકોને વાંચવા મળશે.

પાઠ્યશાળાઓના ધોરણે ક્રમબદ્ધ તૈયાર કરાયેલી 'બાળ સત્સંગ પરીક્ષા'ની આ પુસ્તિકાઓ દ્વારા હિંદુ સંસ્કૃતિના ઉત્તમ આદર્શોને અને સત્સંગની ભવ્ય પ્રણાલીને બાળકો પ્રાપ્ત કરશે અને તેનો પ્રસાર કરશે.

બાળકોને ઉછેરવામાં અને સંસ્કારવામાં જેમનો મહત્ત્વનો ફાળો છે, તે માતા-પિતા તથા વાલીઓ, શિક્ષકો અને મંડળના સંચાલકો આ પુસ્તિકાઓનો વ્યવસ્થિત અભ્યાસ બાળકોને કરાવશે, આ પરીક્ષા માટે બાળકોને તૈયારી કરાવશે તો જરૂર સારું પરિણામ પરીક્ષામાં અને જીવનમાં આવશે.

'બાળ સત્સંગ પરીક્ષા - પહેલી'ની આ પુસ્તિકા આપના હાથમાં મૂકતાં અમે આનંદ અનુભવીએ છીએ. આ પુસ્તિકામાં જેમણે સહયોગ આપ્યો છે તે સૌના અમે આભારી છીએ.

– પ્રકાશન સમિતિ

સ્વામિનારાયણ અક્ષરપીઠ



અમે સૌ સ્વામીના બાળક, મરીશું સ્વામીને માટે,
અમે સૌ શ્રીજીતણા યુવક, લડીશું શ્રીજીને માટે.

નથી ડરતા નથી કરતા, અમારા જાનની પરવા,
અમારે ડર નથી કોઈનો, અમે જન્મ્યા છીએ મરવા.

અમે આ યજ્ઞ આરંભ્યો, બલિદાનો અમે દઈશું,
અમારા અક્ષર પુરુષોત્તમ, ગુણાતીત ગાનને ગાઈશું.

અમે સૌ શ્રીજીતણા પુત્રો, અક્ષરે વાસ અમારો છે,
સ્વધર્મી ભસ્મ ચોળી તો, અમારે ક્ષોભ શાનો છે.

જુઓ સૌ મોતીના સ્વામી, ન રાખી કાંઈ તે ખામી,
પ્રગટ પુરુષોત્તમ પામી, મળ્યા ગુણાતીત સ્વામી.

અનુક્રમણિકા

વિભાગ - અ

૧. ગામ નાનું, મહિમા મોટો ૧

૨. અવતાર ૨

૩. મારવા ગયો તે મર્યો ૪

૪. અહીં ઘનશ્યામ ! તહીં ઘનશ્યામ ! ૬

૫. ધન્ય પિતા ! ધન્ય પુત્ર ! ૮

૬. ઘરનો ત્યાગ ૧૧

૭. નીલકંઠ વર્ણી ! ૧૪

૮. રે મારી વાણી, તું નિષ્ફળ જજો ! ૧૭

૯. ઠૂંઠાને જીવતું કર્યું ! ૧૮

૧૦. વાઘને વશ કર્યો ! ૨૧

૧૧. જંગલી જાનવર પણ ઓળખે ! ૨૩

૧૨. સરયૂદાસ ૨૮

૧૩. નીલકંઠમાંથી સહજાનંદ ! ૩૦

૧૪. સહજાનંદ સ્વામી મહારાજની જે ! ૩૧

૧૫. સ્વામિનારાયણ મંત્ર : મંત્રમૂર્તિ મહારાજ ૩૫

૧૬. મગનીરામનો ઘમંડ ઉતાર્યો ! ૩૭

૧૭. છોકરાંને સમાધિ ૪૧

૧૮. છડી સવારીએ કાકડી ખાધી ! ૪૨

૧૯. જ્યાં વહેમ ત્યાં હરિ નહિ ! ૪૪

૨૦. સૂરજની પેઠે ૪૫

૨૧. સૌએ કરવાની તપસ્યા ! ૪૬

૨૨. પેશ્વાના સૂબાનું કાવતરું ! ૪૯
૨૩. આપણી શોભા વધી છે ! ૫૧
૨૪. યજ્ઞ નહિ અટકે ! ૫૩
૨૫. ભક્તોને તેડવા આવે ! ૫૩
૨૬. ગધેડાની ગાય ! ૫૫
૨૭. મહારાજના સાધુઓ ૫૭
૨૮. અગવડ દેખો ત્યાં મુકામ કરજો ! ૬૦
૨૯. 'શિક્ષાપત્રી' એટલે દર્પણ ૬૨
૩૦. ધામમાં ગયા ! ૬૪

વિભાગ - બ

૧. વેદો આપણને શું શીખવે છે ? ૬૭
૨. અભ્યાસ ૬૮
૩. કીર્તન (એકડે એક...) ૬૯
૪. ભગવાન છે જ ૭૦
૫. આટલું ના ખાશો. ૭૨
૬. ગુરુ ૭૩
૭. સ્તુતિ ૭૫
૮. જો સારા થવું હોય તો... ..... ૭૭
૯. આરતી ૭૮
૧૦. સ્વામીની વાતો ૭૯
૧૧. મંદિર ૮૧
૧૨. કીર્તન (અક્ષરધામના બાળક) ૮૨

વિભાગ - અ

૧. ગામ નાનું, મહિમા મોટો !

રામનવમી એટલે ચૈત્ર સુદ નોમ.

એ દિવસે અયોધ્યામાં ભગવાન રામનો જન્મ.

એવા જ એક રામનવમીના દિવસે અયોધ્યા પાસે છપૈયા નામે ગામમાં એક બાળકનો જન્મ થયો, સંવત ૧૮૩૭.

એ બાળકનું નામ ઘનશ્યામ.

બાળક ઘનશ્યામનાં માતા ભક્તિદેવી અને પિતા ધર્મદેવ.

પિતા ધર્મદેવે બાળકના જોષ જોવા જોષીને તેડાવ્યો.

ધર્મદેવ કહે : 'આ બાળકનું ભાવિ ભાખો !'

જોષી હતા મોટા મુનિ મહારાજ. અહીંનું દેખે ને તહીંનુંયે દેખે ! બાળકની કુંડળી માંડી કહે : 'આનું ભાવિ હું શું કહેવાનો ? આ તો બધાંના ભૂત-ભાવિનો માલિક છે. નવખંડ ધરતી પર એનો જેજેકાર થશે ! એના જન્મથી આ નાનકડું છપૈયા ગામ મોટું તીર્થ બની જશે !'

બોલતાં બોલતાં મુનિ મહારાજની આંખમાં આંસુ આવી ગયાં.

ધર્મદેવે પૂછ્યું : 'તો તમે રડો છો કેમ ?'

મુનિ મહારાજ કહે : 'હું તો એટલા માટે રડું છું કે એનો જેજેકાર જોવા હું દુનિયામાં જીવતો નહિ હોઉં ! હું ઘરડો થયો, હવે કેટલું જીવવાનો ?'

આમ કહી મુનિ મહારાજે બાળ ઘનશ્યામને પ્રણામ કરી પ્રાર્થના કરી : 'હે પ્રભુ ! મને તમારાં ચરણમાં રાખજો !'

આ બાળ ઘનશ્યામ તે સ્વામી સહજાનંદ.

એમને 'હરિકૃષ્ણ મહારાજ' પણ કહે છે.

મોટા થયા પછી એમણે એવું અજબ કામ કર્યું કે જોનારા દંગ થઈ ગયા !

રાજા-મહારાજાઓ કરતાં એમનું નામ વધી ગયું.

રાજા-મહારાજાઓ તો કેટલાયે થઈ ગયા, કોઈ એમને યાદ કરતું નથી, અને સહજાનંદ સ્વામીનો તો આજે નવખંડ ધરતી પર ડંકો વાગે છે.

મુનિ મહારાજની વાત સાચી પડી !

છપૈયા ગામ બહુ નાનું, પણ એનો મહિમા મોટો થયો.

રામના જન્મથી અયોધ્યા તીર્થ બની ગયું, તેમ બાળ ઘનશ્યામના જન્મથી છપૈયા તીર્થ બની ગયું. આજે હજારો માણસો રોજ એ તીર્થની યાત્રાએ જાય છે.

સ્વાધ્યાય

એક વાક્યમાં જવાબ આપો :

૧. ઘનશ્યામનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ?

૨. ઘનશ્યામનાં માતા-પિતાનું નામ શું હતું ?

૩. ઘનશ્યામનું નામ પાડનાર મુનિ મહારાજની આંખમાં આંસુ કેમ આવી ગયાં ?

૪. મુનિ મહારાજે શું ભવિષ્ય ભાખ્યું ?

૫. ઘનશ્યામનાં બીજાં બે નામ આપો.

૨. અવતાર

પિતા ધર્મદેવ બેઠા છે.

એમને મુનિ મહારાજના શબ્દો યાદ આવે છે કે નવખંડ ધરતી પર આ બાળકનો જે જે કાર થશે !

બેઠાં બેઠાં એ વિચાર કરે છે કે આ જે જે કાર કેવી રીતે થશે ?

જગતમાં ત્રણ જણનો જે જે કાર થાય છે – રાજાનો, ધનવાનનો અને જ્ઞાનીનો !

તો શું ઘનશ્યામ રાજા થશે ? રાજા થઈને જંગ જીતશે ને દુનિયામાં એના નામનો ડંકો વાગશે ? તો શું એ મોટો શાહસોદાગર થઈ ખૂબ ધન કમાશે ને દુનિયામાં એનો ડંકો વાગશે ? કે શું એ મોટો જ્ઞાની પંડિત બની બધા પંડિતોને વાદમાં હરાવશે ને એથી દુનિયામાં એનો ડંકો વાગશે ?

ઘનશ્યામ શું થશે ? - રાજા, શાહસોદાગર કે જ્ઞાની ?

આ જાણવા માટે એમણે એક યુક્તિ કરી.

એમણે એક પાટલા પર ત્રણ ચીજો મૂકી : એક છરી, એક સોનામહોર અને એક ગ્રંથ. ગ્રંથનું નામ ભગવદ્‌ગીતા.

છરી એટલે શસ્ત્ર – એ રાજાનું નિશાન.

સોનામહોર – એ શાહસોદાગરનું નિશાન.

ગ્રંથ – એ જ્ઞાનીનું નિશાન.

ત્રણે ચીજો પાટલા પર મૂકી ધર્મદેવે ઘનશ્યામને ત્યાં આણ્યો. બધાંયે બાળકો ચમકતી ચીજ જોઈ લેવા દોડે છે, પણ ઘનશ્યામે તો સોનામહોરની સામેય જોયું નહિ, છરીનેય એ અડક્યો નહિ; એણે તો ગીતાનો ગુટકો ઉપાડ્યો, ને જાણે વાંચતો હોય તેમ ઉઘાડીને બેઠો !

પિતા ધર્મદેવ આભા બની જોઈ રહ્યા.

ઘનશ્યામે ઉઘાડેલાં પાનાં તરફ તેમણે નજર કરી તો તેમાં આવું લખેલું હતું :

'જ્યારે દુનિયામાં ધર્મને નામે અધર્મ ચાલે છે, સાધુજનો દુઃખી થાય છે અને પાપી લોકોનું જોર વધે છે, ત્યારે સાધુઓને સાચવવા અને ધર્મની ફરી સ્થાપના કરવા વાસ્તે હું પૃથ્વી પર અવતાર લઉં છું.'

ધર્મદેવ આ વાંચી વિચારમાં પડી ગયા. તેઓ ઘડીમાં ઘનશ્યામ સામે



જુએ, તો ઘડીમાં ગીતાજી સામે જુએ ! તેમને ખાતરી થઈ ગઈ કે એમનો પુત્ર કોઈ સાધારણ જીવ નથી, પણ અવતારી પુરુષ છે ! એ જગતમાં ધર્મની ફરી સ્થાપના કરશે અને નવખંડ ધરતી પર એનો જે જે કાર થઈ જશે !

સ્વાધ્યાય

ત્રણ લીટીમાં જવાબ આપો :

૧. ધર્મદેવે ઘનશ્યામની પરીક્ષા કેવી રીતે લીધી ?

૨. ઘનશ્યામે ઉઘાડેલાં પાનાં ઉપર શું લખ્યું હતું ?

યોગ્ય જોડકાં ગોઠવો :

૧.	રાજાનું નિશાન	શાહ સોદાગરનું નિશાન
૨.	સોનામહોર	છરી
૩.	ભગવદ્‌ગીતા	ગ્રંથ
૪.	જ્ઞાનીનું નિશાન	ઘનશ્યામ.

૩. મારવા ગયો તે મર્યો !

નાનાં બાળકોને ઘનશ્યામ બહુ વહાલો.

રોજ બધાં ઘનશ્યામને રમાડવા આવે.

ઘનશ્યામને હીંચોળે અને ઊંઘાડવા હાલરડાં ગાય, અને ઘનશ્યામ ઊંઘી જાય એટલે એને જગાડવા ગાણાં ગાય ને નાચે !

ઘનશ્યામ બાળકોને જોઈ હસે !

એ જોઈ છોકરાંના આનંદનો પાર ન રહે. બધાં એકબીજાને કહે : 'એ...ઈ ! એ મને ઓળખે છે !'

તે ન ઓળખે ! બાળકોને જેમ ઘનશ્યામ વહાલા, તેમ ઘનશ્યામને બાળકો વહાલાં !

પણ ગામમાં જેમ સારા માણસો હતા, તેમ ખરાબ માણસોય હતા. કાલીદત્ત કરીને એક દુષ્ટ તેમનો આગેવાન હતો.

છોકરાં બધાં 'ઘનશ્યામ' 'ઘનશ્યામ' કરે એ કાલીદત્તને ન ગમે. એને એવી બીક કે આજે છોકરાં 'ઘનશ્યામ' 'ઘનશ્યામ' કરે છે, કાલે મોટાં 'ઘનશ્યામ' 'ઘનશ્યામ' કરશે, તો પછી મારો ભાવ કોણ પૂછશે ? ઘનશ્યામ

જોઈએ જ નહિ !

એણે ઘનશ્યામને મારી નાખવા માણસો મોકલ્યા. પણ કોઈ ઘનશ્યામનો વાળ પણ વાંકો કરી શક્યું નહિ; કોઈ પકડાઈ ગયા ને માફી માગી પાછા આવ્યા; તો કોઈ બીને પાછા આવ્યા. છેવટે કાલીદત્તે વિચાર કર્યો કે હવે તો હું જ ઘનશ્યામને પૂરો કરીશ.

એક વાર કેટલાક છોકરાઓ ઘનશ્યામને લઈને ગામ બહાર રમવા નીકળ્યા. ઘનશ્યામ હજી બાળક હતો, તેથી તેને એક આંબા હેઠળ સુવાડી છોકરાઓ એમની રમત રમવા લાગ્યા. છોકરાઓ રમવામાં મશગૂલ હતા એટલામાં કાલીદત્ત ત્યાં આવી પહોંચ્યો.

ઘનશ્યામને એકલો જોઈ એ કહે : 'હં... આજે આ લાગમાં આવ્યો છે ! આજે તો એને પૂરો જ કરી નાંખું !'

કાલીદત્ત મંત્ર-તંત્ર ને જાદુવિદ્યા ભણેલો હતો. એણે એ વિદ્યાના જોરે ચારે બાજુ અંધારું કરી દીધું, ને એવો તો વંટોળિયો ચલાવ્યો કે ઝાડો મૂળમાંથી ઊખડી પડે ! ઘનશ્યામવાળા આંબાના કેટલાંક ડાળાં તૂટીને કડડડ કરતાં નીચે પડ્યાં !

કાલીદત્ત ખુશ થઈ ગયો. તેને થયું કે ઘનશ્યામ આ ડાળાં નીચે ચગદાઈને મરી ગયો ! એટલે એ એને જોવા ગયો. જુએ તો ઘનશ્યામને તો કાંઈ જ થયું નથી. એ તો પડ્યો પડ્યો હસે છે !

આ જોઈ કાલીદત્તને એવો ગુસ્સો ચડ્યો કે એક મોટું જાડું ડાળું લઈ એ ઘનશ્યામને મારવા દોડ્યો, પણ શી ખબર શું થયું કે એના જ પેદા કરેલા વંટોળિયામાં એ ફસાયો ! પછી દડાની પેઠે અધ્ધર ઊંચકાયો ને આંબાના થડની સાથે જોરથી પટકાયો ! ઘડીકમાં એના રામ રમી ગયા !

ઘનશ્યામને મારવા જતાં એ જ મરી ગયો !

કાલીદત્ત મરી ગયો એટલે વંટોળિયો શમી ગયો, અંધારું હટી ગયું, ને જે છોકરાઓ બીને સંતાઈ ગયા હતા તે બધા 'ઘનશ્યામ ! ઘનશ્યામ !' કરતાં પાછા આવ્યા. એટલામાં ધર્મદેવ પણ ઘનશ્યામને શોધતાં શોધતાં ત્યાં આવી પહોંચ્યા. ઘનશ્યામને ક્ષેમકુશળ જોઈ બધા રાજી થયા.

આવા હતા બાળ ઘનશ્યામ ! એની આગળ દુષ્ટોની દુષ્ટતા ચાલે જ નહિ !

સ્વાધ્યાય

એક વાક્યમાં જવાબ આપો :

૧. કાલીદત્ત કોણ હતો ?

૨. ઘનશ્યામને એકલો જોઈ કાલીદત્તે શું કહ્યું ?

૩. કોણ મારવા ગયું ને કોણ મર્યું ?

ટૂંકમાં સમજાવો :

૧. કાલીદત્ત કેવી રીતે મર્યો ?

૪. અહીં ઘનશ્યામ ! તહીં ઘનશ્યામ !

ધર્મદેવ હવે કુટુંબને લઈને અયોધ્યામાં આવી વસ્યા હતા.

ઘનશ્યામ હવે મોટો થયો હતો.

મોટો એટલે પાંચ-સાત વરસનો.

પિતાજી એને ઘેર ભણાવતા હતા. ઘનશ્યામ એવો ચિત્ત દઈને ભણે કે એક વાર જે શીખવ્યું તે ફરી શીખવવું ન પડે. કોઈ ચીજને પેટીમાં પૂરી દઈએ, એમ ઘનશ્યામ શીખવાની વસ્તુને એકદમ મનમાં ઉતારી દે ! પછી એ વસ્તુ એની થઈ ગઈ ! ભણવાની આ કળા છે.


પિતા ધર્મદેવ પૂજાપાઠ કરે તે ઘનશ્યામ ધ્યાન દઈને જુએ. જુએ એટલે એને આવડી જાય, ને એ પ્રમાણે એ કરવા માંડે. શીખવાની આ કળા છે.

આવડી ઉંમરે પણ ઘનશ્યામ એકલો નદીએ જાય, નહાય ને તરે ! ઘેરથી ચણા-મમરા લઈ જાય ને કાચબાઓને ખવડાવે. કાચબાઓનાં એણે નામ પણ પાડેલાં. નામ દઈને બોલાવે એટલે કાચબો પાણીમાંથી મોં બહાર કાઢે !

અયોધ્યાનાં બધાં મંદિરો ઘનશ્યામનાં જાણીતાં. તેમાંય રામજી મંદિર અને હનુમાનગઢીનું હનુમાન મંદિર એનાં ખાસ માનીતાં.

એક વાર ઘનશ્યામ હનુમાન મંદિરમાં રામાયણની કથા સાંભળવા બેઠો હતો. સાંભળતાં સાંભળતાં રાત પડી ગઈ. ઘરે સૌને ચિંતા થઈ. એટલે ઘનશ્યામના મોટાભાઈ રામપ્રતાપ એને શોધતાં શોધતાં ત્યાં આવ્યા. આવીને કહે : 'ચાલ ઘેર !'

ઘનશ્યામ કહે : 'મોટાભાઈ ! તમે એટલી વાર પેલા રાધાકૃષ્ણ મંદિરમાં



દર્શન કરી આવોને, પછી આપણે જઈએ !'

રામપ્રતાપ રાધાકૃષ્ણ મંદિરમાં ગયા તો ત્યાં ભાગવતની કથા ચાલે. જોયું તો ત્યાં ઘનશ્યામ કથા સાંભળવા બેઠો હતો ! રામપ્રતાપને નવાઈ લાગી કે ઘનશ્યામ તો પણે હનુમાનગઢીમાં બેઠો છે, ને અહીં ક્યાંથી આવ્યો ? ખાતરી કરવા એમણે એની પાસે જઈ કહ્યું : 'ચાલ ઘેર !'

એ ઘનશ્યામ જ હતો. એણે કહ્યું : 'મોટાભાઈ ! તમે એટલી વાર પેલા શિવમંદિરમાં દર્શન કરી આવોને, પછી આપણે જઈએ !'

મોટાભાઈ શિવમંદિરમાં દર્શન કરવા ગયા ત્યાં શિવપુરાણની કથા ચાલે, અને જોયું તો ઘનશ્યામ ત્યાં પણ કથા સાંભળવા બેઠેલો !

મોટાભાઈ રામપ્રતાપ કહે : 'નક્કી, મારી કંઈક ભૂલ થાય છે. આ ઘનશ્યામ ન હોય !'

એટલે ખાતરી કરવા એ એની પાસે ગયા. એ ઘનશ્યામ જ હતો ! રામપ્રતાપે એને કહ્યું : 'ચાલ ઘેર !'

ઘનશ્યામ કહે : 'હમણાં આવું ! તમે એટલી વાર હનુમાનગઢીમાં દર્શન કરી આવોને, મોટાભાઈ !'

મોટાભાઈ પાછા હનુમાનગઢી આવ્યા. જુએ તો અહીં ઘનશ્યામ એક ચિત્તે કથા સાંભળતો હતો. એટલામાં કથા પૂરી થઈ ને બંને ભાઈઓ મળ્યા.

આ વખતે મોટાભાઈને કહેવું ન પડ્યું કે ચાલ ઘેર ! ઘનશ્યામે જ તેમને કહ્યું : 'ચાલો મોટાભાઈ, ઘેર જઈએ !'

બંને ભાઈઓ ઘેર આવ્યા. પણ મોટાભાઈના મનમાં કોયડો રહી ગયો કે આજે મેં એકીસાથે ત્રણ જગાએ ઘનશ્યામને જોયો, એ શું !

પણ એમના મનનો આ કોયડો એ વખતે ઊકલ્યો નહિ. એ ઊકલ્યો પાંત્રીસ વર્ષે – જ્યારે એ ગુજરાતમાં આવ્યા, ને સહજાનંદ સ્વામી રૂપે બિરાજતા ઘનશ્યામને મળ્યા ત્યારે ! ત્યારે એમને ખબર પડી કે એ બધી તો અવતારી પુરુષની લીલા હતી !

સ્વાધ્યાય

ખાલી જગ્યા પૂરો :

૧. અયોધ્યાનું ..... ઘનશ્યામનું ખાસ માનીતું હતું. (સ્વામિનારાયણ મંદિર, રામજી મંદિર, તુલસી મંદિર)

૨. ઘનશ્યામ રાધાકૃષ્ણ મંદિરમાં ..... કથા સાંભળવા બેઠા હતા. (મહાભારત, ગીતા, ભાગવત)

૩. રામપ્રતાપે એકીસાથે ઘનશ્યામને ..... જગ્યાએ જોયા. (ચાર, છ, ત્રણ)

એક વાક્યમાં જવાબ આપો :

૧. અયોધ્યામાં ઘનશ્યામનાં માનીતાં મંદિરો ક્યાં ક્યાં હતાં ?

૨. મોટાભાઈ રામપ્રતાપના મનનો કોયડો ક્યાં ને ક્યારે ઊકલ્યો ?

૩. ઘનશ્યામ કોની પાસે ભણતા ?

૪. ઘનશ્યામની ભણવાની કળા કઈ ?

૫. ધન્ય પિતા ! ધન્ય પુત્ર !

એક વાર કાશીનો રાજા સભા ભરીને બેઠો હતો. ત્યાં પ્રશ્ન થયો કે જ્ઞાન મોટું કે ભક્તિ ?

એક પંડિતે કહ્યું : 'જ્ઞાન મોટું !'

તરત બીજો પંડિત બોલ્યો : 'ના, ભક્તિ મોટી !'

ત્રીજા પંડિતે પહેલાને ટેકો આપતાં કહ્યું : 'શંકરાચાર્યનું વચન છે કે જ્ઞાન મોટું !'

ત્યારે ચોથા પંડિતે બીજા પંડિતને ટેકો આપતાં કહ્યું : 'રામાનુજાચાર્યનું વચન છે કે ભક્તિ મોટી !'

વળી કો'કે કહ્યું : 'ગીતાજીમાં ભગવાને કહ્યું છે કે પવિત્રતામાં જ્ઞાનની તોલે આવે એવી જગતમાં કોઈ ચીજ નથી. માટે જ્ઞાન સૌથી મોટું !'

ત્યારે વળી કો'ક બોલ્યું : 'ઊંહું ! ભગવાને ગીતાજીમાં કહ્યું છે કે ભક્તિવાળો માણસ મને સૌથી વધારે વહાલો છે. માટે ભક્તિ મોટી !'

આમ, ચર્ચા ખૂબ લાંબી ચાલી. પણ એનો કંઈ અંત આવ્યો નહિ, કારણ કે એમાં ખરા-ખોટાનો નિર્ણય કોણ કરે ? તે માટે તો બંને બાજુનું સાંભળી પ્રશ્નનો નિર્ણય આપી શકે એવો કોઈ વિદ્વાન જોઈએ. કાશીમાં એવો કોઈ વિદ્વાન હતો નહિ.

ત્યારે રાજાએ કહ્યું કે કાશીમાં એવો વિદ્વાન ન હોય તો જ્યાં હોય ત્યાંથી બોલાવો !

બંને બાજુના વિદ્વાનોએ કહ્યું : 'અયોધ્યામાં એવા એક વિદ્વાન છે. એમનું નામ ધર્મદેવ.'

રાજાએ તરત કહ્યું : 'તો ધર્મદેવને બોલાવો ! હાથી-ઘોડા-પાલખી મોકલો, ને એમને માનભેર અહીં તેડી લાવો !'

રાજાના માણસો હાથી-ઘોડા-પાલખી લઈને છૂટ્યા, ને ધર્મદેવના ઘેર આવી ઊભા. કહે : 'પંડિતરાજ, કાશી પધારો !'

ધર્મદેવ કાશી જવા તૈયાર થયા ત્યારે દસ વર્ષનો ઘનશ્યામ કહે : 'પિતાજી ! મારેય કાશી આવવું છે. વિદ્વાનોની સભા જોવાનું મને બહુ મન છે !'

પિતા ધર્મદેવ જાણતા હતા કે પુત્ર ઘનશ્યામને ધર્મશાસ્ત્રો પર પ્રીતિ છે. શાસ્ત્રોની ગૂઢ વાતો તે સમજે છે, જ્ઞાન શું ને ભક્તિ શું તેની તેને ખબર છે. એને જો હું મારી સાથે લઈ જઈશ, તો એથી એને ઘણો લાભ થશે.

એટલે એમણે એને પોતાની સાથે આવવાની હા પાડી.

વાજતે-ગાજતે રાજાએ કાશીમાં ધર્મદેવનો સત્કાર કર્યો.

પછી રાજાની હાજરીમાં વિદ્વાનોની સભા મળી.

સભામાં શ્રી ધર્મદેવ અધ્યક્ષના ઊંચા આસન ઉપર બિરાજ્યા.

એક પછી એક વિદ્વાન પંડિતે ઊભા થઈ શાસ્ત્રોનાં વચન ટાંકી ટાંકીને

પોતાના પક્ષનું સમર્થન કરવા માંડ્યું ને સામા પક્ષના પંડિતોની વાતનું ખંડન કરવા માંડ્યું. ધર્મદેવ બેઉ પક્ષની વાતો શાંતિથી સાંભળી રહ્યા.

વાદવિવાદ ખૂબ લાંબો ચાલ્યો. ઘનશ્યામ એક ખૂણે બેઠો બેઠો બધું સાંભળતો હતો, ને પોતાના મન સાથે એનો તાળો મેળવતો હતો.

પંડિતો બધા બોલી બોલીને થાક્યા, ત્યાં અચાનક ઘનશ્યામ ઊભો થયો, ને અધ્યક્ષની સામે હાથ જોડી વિનયપૂર્વક બોલ્યો : 'આજ્ઞા હોય તો હું આ ચર્ચાનું સમાપન કરું !'

આ સાંભળી આખી સભા ચકિત થઈ ગઈ. ચર્ચામાં ભાગ લેવાનું અઘરું હોય છે, પણ ચર્ચાનું સમાપન કરવાનું તો એથીયે અઘરું હોય છે. આવડો અમથો છોકરો શું એ કરી શકશે ?

અધ્યક્ષસ્થાને બિરાજેલા ધર્મદેવે સભામાં બેઠેલા પંડિતોની સામે જોઈ કહ્યું : 'આપ સૌની રજા હોય તો હું આને બોલવા દઉં !'

છોકરો શું બોલશે તેનું બધાને ભારે કુતૂહલ હતું, તેથી સૌએ કહ્યું : 'અમારી રજા છે, એને બોલવાની આજ્ઞા કરો !'

ધર્મદેવે આજ્ઞા આપી, અને પછી જોઈ લો મજા ! ધાણી ફૂટે એમ ફડફડ ઘનશ્યામે બોલવા માંડ્યું. ધર્મશાસ્ત્રોના પુરાવા ટાંકી ટાંકીને એણે બેય પક્ષોનું તોલન કર્યું ને ભક્તિમાર્ગ શ્રેષ્ઠ છે એવું જાહેર કર્યું.

આખી સભા બાળ ઘનશ્યામની દલીલો સાંભળી છક થઈ ગઈ. સૌએ 'ધન્ય ! ધન્ય !' ના પોકારો પાડી એને વધાવી લીધો !

હવે ચારે બાજુથી સવાલ ઊઠ્યો કે કોણ છે આ છોકરો ? શું એ પૃથ્વીલોકનો વાસી છે કે સ્વર્ગમાંથી ઊતરી આવેલો દેવ છે !

પછી જ્યારે સૌએ જાણ્યું કે આ તો આજની સભાના અધ્યક્ષ શ્રી ધર્મદેવનો પુત્ર છે ત્યારે સૌના આનંદનો પાર રહ્યો નહિ. ચારે બાજુથી જયઘોષ થયો : 'ધન્ય પિતા ! ધન્ય પુત્ર !'

અધ્યક્ષે હવે કંઈ બોલવાનું રહ્યું નહોતું. આખી સભાએ ઘનશ્યામનો નિર્ણય સ્વીકારી લીધો હતો. રાજાએ પણ એ વાતને ટેકો આપ્યો.

વિદ્વાનોએ કહ્યું: 'ઘનશ્યામ વયમાં નાનો છે, પણ ગુણમાં મોટો છે !'

રાજાએ કહ્યું : 'હું ગુણનું પૂજન કરું છું.'

ભરી સભામાં રાજાએ ઘનશ્યામનું ફૂલચંદનથી પૂજન કર્યું, અને એને

અનેક કીમતી ભેટો આપી. પછી ધર્મદેવ અને ઘનશ્યામને હાથી પર બેસાડી રાજાએ આખા નગરમાં એમનો વરઘોડો કાઢ્યો, રાજા પોતે એ વરઘોડામાં હાથીની આગળ પગપાળા ચાલ્યો !

પિતા ધર્મદેવને અત્યારે મુનિ મહારાજની ભવિષ્યવાણી યાદ આવી : 'ખંડે ખંડે એનો જેજેકાર થશે !' પિતાને થયું કે પુત્રના જેજેકારની શરૂઆત થઈ ચૂકી છે !

ધન્ય એ પિતા ! ધન્ય એ પુત્ર !

સ્વાધ્યાય

કોણ બોલે છે, કોને કહે છે - તે જણાવો :

૧. 'આજ્ઞા હોય તો હું આ ચર્ચાનું સમાપન કરું !'

૨. 'આપ સૌની રજા હોય તો હું આને બોલવા દઉં !'

૩. 'હું ગુણનું પૂજન કરું છું.'

એક વાક્યમાં જવાબ આપો :

૧. કાશીના રાજાની સભામાં શું પ્રશ્ન થયો ?

૨. કોણ વયમાં નાનો ને ગુણમાં મોટો હતો ?

૩. વિદ્વાનોની સભામાં અધ્યક્ષ કોણ બન્યું ?

૪. ઘનશ્યામે ચર્ચાનો નિર્ણય શું આપ્યો ?

૬. ઘરનો ત્યાગ

કાશીથી પાછા આવ્યા પછી ઘનશ્યામનું મન હિમાલય તરફ દોટ લઈ રહ્યું હતું. હવે તેણે ઘર છોડી ચાલી જવાનો સંકલ્પ કર્યો હતો અને રોજ રોજ એ સંકલ્પ વધારે ને વધારે દૃઢ થતો જતો હતો.

એવામાં માતા ભક્તિદેવીનું અવસાન થયું. તે પછી થોડા વખતમાં પિતા ધર્મદેવ બીમાર પડ્યા. ધીરે ધીરે તેઓ પુત્ર ઘનશ્યામને ઓળખતા થયા હતા. ઘનશ્યામનું મન સંસારમાં નથી અને સાધુ-સંતોના સંગમાં જ એને ગમે છે, તેની એમને ખબર હતી. તેથી પોતાની મરણપથારી આગળ મોટા દીકરા રામપ્રતાપને બોલાવી તેમણે કહ્યું : 'ઘનશ્યામને સાચવજે, એનું મન કોચવાય એવું કદી કરતો નહિ !'

આ પછી ધર્મદેવે દેહત્યાગ કર્યો.

ઘનશ્યામે વિચાર કર્યો કે હવે મારે ઘર છોડી જવાનો વખત થઈ ગયો છે.

એવામાં એક બનાવ બની ગયો. કેટલાક છોકરાઓએ મોટાભાઈ રામપ્રતાપની આગળ ફરિયાદ કરી કે ઘનશ્યામ અમને વિતાડે છે. વિતાડે છે એટલે શું કરે છે એ રામપ્રતાપે પૂછ્યું નહિ, ફરિયાદ સાચી છે કે ખોટી એની તપાસ કરી નહિ ! બસ, એકદમ ઘનશ્યામને બોલાવી એને ઠપકો દીધો કે 'સમજીને ચાલ, તારા વિષે આવી ફરિયાદો આવે તે સારું નહિ !'

ઘનશ્યામે તરત જવાબ દીધો : 'મોટાભાઈ, હવેથી મારા નામે કોઈ ફરિયાદ નહીં આવે.'

મોટાભાઈએ મન વાળ્યું : 'ચાલો, ઘનશ્યામ ડાહ્યો થઈ ગયો !'

ઘનશ્યામે નક્કી કર્યું કે પળ આવી પહોંચી છે. આજે જ બસ, આજે જ બધું છોડી ચાલી જવું !

રાતે બધાં ઊંઘતા હતાં, પણ ઘનશ્યામની આંખમાં ઊંઘ નહોતી. ઊંઘ હોય કેવી રીતે ? આખી દુનિયાને ઊંઘમાંથી જગાડવાનું જેને માથે હતું તે કેવી રીતે ઊંઘે ?


સૌને ઊંઘતા મેલી એ ઊઠ્યો. ઊઠ્યો ને ચાલી નીકળ્યો. નથી પગમાં પગરખાં, નથી શરીર પર પૂરાં કપડાં - વધારાનાં કપડાંની તો વાત જ નહિ ! ઓઢવા ઉપરણો નહિ કે પાથરવા ચાદર નહિ ! પાણી પીવા તાંબા-પિત્તળની એક ટબૂડિયે નહિ; અંગ પર રૂપાની વાલની વીંટી સરખી નહિ કે તાંબાનું એક કાવડિયુંયે નહિ !

ત્યારે એણે લીધું શું ? લીધું એક કમંડલુ, એક પલાશનો દંડ અને શાલિગ્રામ ! અને —

અને લીધો એક હાથે લખેલો ગુટકો ! ગીતા, ભાગવત, ઉપનિષદ વગેરે શાસ્ત્ર ગ્રંથોમાંથી સાર કાઢી એ ગુટકો એણે પોતે પોતાના હાથે તૈયાર કર્યો હતો.

બસ, આ એની બધી મૂડી ! એ લઈને એ સરયૂ નદીના કિનારે જઈ ઊભો.

ચોમાસાના દિવસો હતા અને તે વખતે નદીમાં પૂર આવેલું હતું. બાળ


CHANDRAKANT

ઘનશ્યામના અંતરમાં પણ ત્યાગનું એવું પૂર આવેલું હતું. એણે નદીના પૂરમાં ઝંપલાવ્યું, ને નદી પાર કરી હિમાલયની વાટ પકડી.

સંવત ૧૮૪૮ના અષાઢ સુદ દશમની એ મધરાત હતી. ઘનશ્યામને અગિયાર વરસ અને ત્રણ માસ પૂરા થયા હતા અને ચોથા માસનો આજે પહેલો દિવસ હતો.

એ પહેલા દિવસે એણે મહાપરિભ્રમણની પગદંડી પર પગ મૂક્યો.

સ્વાધ્યાય

ત્રણ લીટીમાં જવાબ આપો :

૧. ઘનશ્યામે ઘરનો ત્યાગ કર્યો ત્યારે તેમની પાસે શું શું હતું ?

ખાલી જગ્યા પૂરો :

૧. સંવત .....ના અષાઢ સુદ ૧૦ને દિવસે ઘનશ્યામે ગૃહત્યાગ કર્યો. (૧૮૩૭, ૧૮૫૦, ૧૮૪૮)

૨. ઘનશ્યામે ..... નદીમાં ઝંપલાવ્યું. (ગંગા, ઘેલા, સરયૂ)

૩. ..... વર્ષની ઉંમરે ઘનશ્યામે ઘરનો ત્યાગ કર્યો. (૯, ૧૧, ૧૫)

૭. નીલકંઠ વર્ણી !

હિમાલયની તળેટીનું ઘનઘોર જંગલ છે.

એક વૃક્ષની નીચે કેટલાક બાવાઓ બેઠા છે. બેઠાં બેઠાં વિચાર કરે છે કે આ ઘનઘોર જંગલમાં આપણે કેવી રીતે જશું ?

બાવાઓનો આગેવાન વચમાં બેઠો છે. તે કહે છે : 'બધા એક-બીજાની સાથે રહેજો. કોઈ છૂટા પડતા નહિ ! છૂટા પડ્યા તો અહીં જંગલી જાનવરનો કોળિયો થઈ જશો !'

બાવાઓ આ સાંભળી ફફડે છે.

એટલામાં અગિયાર-બાર વર્ષનો છોકરો તે રસ્તે થઈને જતો દેખાયો. નથી પગમાં પગરખાં, કે નથી પાસે ઓઢણ-પાથરણ ! એકલો-અટૂલો આવા જંગલમાં એ ક્યાં જતો હશે !

બાવાઓએ એને બૂમ પાડી : 'એ બ્રહ્મચારી ! એ વર્ણી ! આવા અઘોર વનમાં એકલો જા મા ! અમારા ભેગો આવી જા !'

વર્ણી એટલે બ્રહ્મચારી, યોગી.

એ હતો ઘનશ્યામ.

એણે જવાબ દીધો : 'એકલા જવા માટે તો ઘરબાર છોડ્યાં છે !'

બાવાઓના આગેવાને કહ્યું : 'જંગલી જાનવરોનીયે તને બીક નથી લાગતી ?'

ઘનશ્યામે કહ્યું : 'મને તો કશાયનીય બીક નથી લાગતી !'

એવી રીતે આ શબ્દો બોલાયા કે બાવાઓએ કહ્યું : 'તો વર્ણી, એમ કરો - તમે અમારી સાથે નહિ પણ અમે તમારી સાથે આવીએ ! ભગવાન શિવ હળાહળ ઝેર પી ગયા ને નીલકંઠ બન્યા, તેમ તમે ભયને પી ગયા છો - તમે અમારા નીલકંઠ વર્ણી !'

ઘનશ્યામ હવે નીલકંઠ વર્ણી કહેવાયા. બધા બાવાઓ એમની પાછળ ચાલ્યા.

એમ કરતાં રાત પડી. જંગલની અંદર થોડી ખુલ્લી જગા હતી, ને એક મોટું વૃક્ષ હતું. સૌએ રાત ત્યાં ગાળવાનું નક્કી કર્યું. બાવાઓએ ઝાડની ડાળીઓમાં પોતાની જાતે પછેડીઓ બાંધી ઘોડિયાં જેવું બનાવ્યું. રાતે ઝાડ પર ચડી એ ઘોડિયામાં સૂઈ જવાનું !

પણ નીલકંઠ વર્ણી તો જમીન પર જ સૂઈ ગયા - એક મૃગચર્મ પાથરીને !

બાવાઓએ કહ્યું : 'નીલકંઠ વર્ણી, તમારા માટે અમે એક પછેડી બાંધી દઈએ છીએ. તમે ઝાડ પર સૂઈ જાઓ.'

નીલકંઠ વર્ણીએ હસીને કહ્યું : 'ના રે, હું અહીં મજામાં છું !'

બાવાઓ આ સાંભળીને આભા જ બની ગયા ! કહે : 'આ તો ખરેખરો નિર્ભય, ભાઈ ! અસલ નીલકંઠ !'

નીલકંઠ વર્ણીની આ નિર્ભયતા જોઈ એક બાવામાં હિંમત આવી. તે ઝાડ પરથી નીચે ઊતરી નીલકંઠ વર્ણીની જોડે જ પછેડી પાથરીને સૂઈ ગયો. કહે : 'નીલકંઠ મારી પડખે છે, પછી હું શા સારુ બીઉં ?'

બીજા બાવાઓ ઝાડ પર સૂતા, પણ નીલકંઠ અને આ બાવો નીચે જમીન પર સૂતા. બંનેને ઊંઘ આવી. પણ ઝાડ પર સૂતેલાઓને ઊંઘ આવી નહિ. તેઓ ઘોડિયામાંથી ડોકાં કાઢીને નીલકંઠની સામે જોયા કરે.

એટલામાં એક જરખ ત્યાં આવ્યું. નીલકંઠ અને એમની બાજુમાં સૂતેલા બાવાની ચારેકોર એ જમીન સૂંઘતું સૂઘતું ફર્યું પણ એમને એ અડ્યું નહિ, ને ઝાડ પર સૂતેલાઓની સામે જોઈ જોઈ જીભ લબલબ કરવા લાગ્યું ! એ જોઈ ઝાડ પર સૂતેલાઓ એવા બી ગયા કે એમને પરસેવો વળી ગયો ! હવે તેમને સમજ પડી કે નિર્ભય થવું હોય તો નિર્ભય નીલકંઠ વર્ણીનો આશરો લેવો જોઈએ. સો બીકણો ભેગા થાય તેથી એકે નિર્ભય થાય નહિ, પણ એક નિર્ભયનો આશરો લેવાથી સો બીકણો નિર્ભય થઈ શકે છે.

તેમણે મનોમન નીલકંઠ વર્ણીનો આશરો લીધો : 'હે નીલકંઠ વર્ણી, અમારું રક્ષણ કરો !'

આટલું બોલ્યા ત્યાં એમનામાં હિંમત આવી ગઈ.

નવાઈની વાત એ બની કે હવે પેલું જરખ પણ લબલબ થતી જીભ લઈને ત્યાંથી ચાલ્યું ગયું, ને જંગલમાં અદૃશ્ય થઈ ગયું. હવે બાવાઓને ઊંઘ આવી. નિર્ભયતા કોને કહેવાય તેની હવે તેમને સમજ પડી.

સવાર થતાં બધા બાવા નીલકંઠ વર્ણીને કહે : 'હવે અમે તમારી જોડે જ ફરીશું ! તમે અમારા ગુરુ !'

નીલકંઠ વર્ણીએ કહ્યું : 'ગુરુ થવા માટે હજી મારે ઘણાં વર્ષોની વાર છે. અત્યારે તો હું એકલો જ વનમાં ફરવા માગું છું.'

આમ કહી, બાવાઓથી છૂટા પડી, અઘોર વનની વાટે એ એકલા જ ચાલી નીકળ્યા.

સ્વાધ્યાય

કોણ કહે છે, કોને કહે છે તે જણાવો :

૧. 'મને કશાનીયે બીક નથી લાગતી.'

૨. 'હવે અમે તમારી જોડે જ બધે ફરીશું. તમે અમારા ગુરુ !'

૩. 'એકલા જવા માટે તો ઘરબાર છોડ્યા છે.'

એક વાક્યમાં જવાબ આપો :

૧. બાવાઓએ ઘનશ્યામને નીલકંઠ વર્ણી કેમ કહ્યા ?

૨. બાવાઓએ નિર્ભય બનવા શું વિચાર કર્યો ?

૩. જંગલમાં રાત્રે કોણ આવ્યું ? તેણે શું કર્યું ?

૮. રે મારી વાણી, તું નિષ્ફળ જજો !

બાંશી કરીને ગામ હતું.

ગામથી થોડે દૂર નદીકિનારે એકાંતમાં નીલકંઠ વર્ણી તપસ્યા કરતા હતા. ચારે બાજુ પંખીઓ મધુર કલરવ કરતાં હતાં, તેથી નીલકંઠ વર્ણીને આનંદ થતો હતો.

એક દિવસ નીલકંઠ વર્ણી ધ્યાનમાં બેસવાનું કરતા હતા, ત્યાં અચાનક બંદૂકના અવાજો થયા, ને બે પંખીઓ ઘાયલ થઈ ચીસ પાડી એમના ખોળામાં આવી પડ્યાં.

નીલકંઠ વર્ણીએ પંખીઓના શરીર પર હાથ ફેરવ્યો, ને કમંડલુમાંથી જળ લઈ એમનાં મોંમાં સિંચ્યું પણ પંખીઓ બચ્યાં નહિ. એમના ખોળામાં જ એ તરફડીને મરી ગયાં !

નીલકંઠ વર્ણીને ખૂબ દુઃખ થયું. તે વિચારમાં પડી ગયા કે પંખીઓ કલરવ કરી પ્રભુનું કીર્તન કરતાં હતાં ત્યાં કોણે એમની આમ હત્યા કરી ?

એટલામાં બે શિકારીઓ તેમની સામે આવી ઊભા. નીલકંઠ વર્ણી તેમને જુએ તે પહેલાં તો તેમણે નીલકંઠ વર્ણીના ખોળામાંથી બેઉ પંખીઓને ખેંચી લીધાં ને કહ્યું : 'આ પંખી અમારાં છે. અમે રાજાના માણસો છીએ !'

નીલકંઠ વર્ણીએ કહ્યું : 'પંખી તમારાં કેવી રીતે ? તમે તો એમને માર્યાં છે !'

શિકારીઓએ કહ્યું : 'જે મારે તે માલિક એવો દુનિયાનો ધારો છે!' આમ કહી તેઓ પંખીઓને લઈ જતા રહ્યા.

નીલકંઠ વર્ણીને એટલું દુઃખ થયું કે એ દિવસે તેમણે કંઈ જ ખાધું નહિ. અચાનક મધરાતે તેમનાથી બોલાઈ ગયું : 'બળ્યું આ ગામ ! હવે અહીં રહેવું નથી !'

ત્યાં તો ગામમાંથી આગની જવાળાઓ દેખાવા માંડી. એ જોઈ તેમનું દુઃખ ઓર વધી ગયું : 'અરે, સાધુ થઈને મેં આ શું કર્યું ? અરે વાણી, અરે મારી વાણી, તેં આ શો કેર કર્યો ?'

એકદમ દોડતા તે નદીના પાણીમાં કૂદી પડ્યા, ને જળની અંજલિ છાંટી બોલ્યા : 'શમી જાઓ, શમી જાઓ. આગ શમી જાઓ !'

આગ તરત હોલાઈ ગઈ. વાણીએ આગ લગાડી ને વાણીએ આગ હોલવી.

પણ નીલકંઠ વર્ણીના ચિત્તને હજી શાંતિ થઈ નહિ. વાણીમાં આમ ક્રોધ પ્રગટ થાય એ સારું નહિ, એટલે એ જ વખતે એમણે જળની અંજલિ લઈ પોતાની વાણીને જ શાપ આપ્યો : 'હવે પછી ક્યારેય મારાથી આવું બોલાઈ જાય તો હે મારી વાણી, તું નિષ્ફળ જજો !'

બીજા તપસ્વીઓ ક્રોધ કરી લોકોને બિવડાવે અને એમાં પોતાની સિદ્ધિ સમજે, પણ નીલકંઠ વર્ણીને તો કોઈનાયે ઉપર ક્રોધ કરવો નથી. બીજાઓને બિવડાવવાની શક્તિ જ એમને જોઈતી નથી. એમને તો બધાને સુખી કરવાની શક્તિ જોઈએ છે.

આવા સમર્થ હતા નીલકંઠ વર્ણી !

સ્વાધ્યાય

એક વાક્યમાં જવાબ આપો :

૧. નીલકંઠ વર્ણીએ પોતાની વાણીને શાપ કયા ગામમાં આપ્યો ?
૨. નીલકંઠ વર્ણીને શાથી દુઃખ થયું ?
૩. ગામમાં આગની જ્વાળા કેમ થઈ ?
૪. નીલકંઠ વર્ણીએ પોતાની વાણીને શું શાપ આપ્યો ?
૫. નીલકંઠ વર્ણીને કઈ શક્તિ જોઈએ છે ?

૯. ઠૂંઠાને જીવતું કર્યું !

નીલકંઠ વર્ણીએ આખાયે ભારતની પરકંમા કરી છે.

હિમાલયના પહાડો અને ગુફાઓ, નદીઓ અને જંગલોમાં એ ફર્યા છે. જ્યાં કોઈ સાધુ-સંત જોયો ત્યાં એની સેવા કરી છે અને એની પાસેથી જે મળે તે વિદ્યા પ્રાપ્ત કરી છે. વિદ્યા ન મળી ત્યાંયે સેવા તો કરી જ છે.

આવી રીતે ફરતાં ફરતાં તેઓ નેપાળ થઈને આસામનાં જંગલોમાં આવ્યા. ત્યાં એક ગામમાં તેમણે કેટલાક સાધુઓ સાથે મુકામ કર્યો.

એ ગામમાં પિબક કરીને એક બ્રાહ્મણ હતો. તે જંતર-મંતરમાં ઉસ્તાદ હતો. આ જંતરમંતરથી એનામાં એવી શક્તિ આવી હતી કે બધાને એ

બિવડાવતો હતો.

માતાનો પ્રસાદ કરી એ માંસ ખાતો ને દારૂ પણ પીતો. આંખો લાલઘૂમ, માથે મોટો ચોટલો અને કપાળમાં સિંદૂરની આડ ! જોઈને છોકરાં છળી મરે !

ગામમાં સાધુઓ આવ્યા છે એવું સાંભળી એ સાધુઓ પાસે માંસ અને દારૂ લઈને આવ્યો. પછી સાધુઓને કહે : 'લ્યો, આ માતાજીનો પ્રસાદ ખાઓ.'

સાધુઓ કહે : 'અમે માંસ-મદ્ય ખાતાં નથી.'

આ સાંભળી પિબક ગુસ્સે થઈ બોલ્યો; 'રાજીખુશીથી નહિ ખાઓ તો હું બળજબરીથી ખવડાવીશ !'

આમ કહી પોતાની શક્તિનો પરચો દેખાડવા એણે અડદનો એક દાણો મંતરીને જમીન પર નાંખ્યો, તો જમીનમાંથી ધુમાડાના ગોટા નીકળવા માંડ્યા ! પછી તેણે મૂઠી ભરીને અડદના દાણા એક ઝાડ પર નાખ્યા. તો ઘડીકમાં ઝાડ સુકાઈને ઠૂંઠું થઈ ગયું !

પછી પિબક સાધુઓને કહે : 'જોઈ મારી શક્તિ ? માટે કહું છું કે પ્રસાદ ખાઈ લો, નહિ તો આ ઠૂંઠા જેવી તમારી દશા થશે !'

સાધુઓ ખરેખર ભયભીત થઈ ગયા.

નીલકંઠ વર્ણી એક ખૂણે બેઠાં બેઠાં આ બધું જોતા-સાંભળતા હતા. હવે તે બોલ્યા : 'તમને લીલાનું સૂકું કરતાં આવડે છે એ અમે જોયું, પણ સૂકાનું લીલું કરતાં આવડે છે ખરું ? આવડતું હોય તો આ ઠૂંઠાનું પાછું લીલું ઝાડ કરી દો !'

પિબકે લાલચોળ આંખે નીલકંઠ વર્ણીની સામે જોયું. એ આંખ જોઈને બીજા સાધુઓ ડર્યા, પણ નીલકંઠ વર્ણી શાંત બેસી રહ્યા.

પિબકે કહ્યું : 'સૂકાનું લીલું કદી થાય નહિ.'

સામું નીલકંઠ વર્ણીએ કહ્યું : 'ત્યારે એમ કહે ને કે તને કેવળ મારતા આવડે છે, જિવાડતા નથી આવડતું ! બસ, આ જ કે તારી વિદ્યા ? અને આ વિદ્યાના જોર પર તું આ સાધુઓને ડરાવે છે ?'

આ પહેલાં પિબકને આવું કહેનાર કોઈ મળ્યો નહોતો. તે હબક ખાઈ ગયો. ને માંડ માંડ બોલી શક્યો : 'તો શું તું સૂકાનું લીલું કરી શકે છે ?'

નીલકંઠ વર્ણીએ કહ્યું : 'હું ? 'હું'માં શક્તિ જ ક્યાં છે ? હું તો

પરમાત્માની શક્તિની વાત કરું છું. જેમ તું માતાજીની શક્તિનું કહે છે તેમ ! પરમાત્માની શક્તિ સૂકાનું લીલું તો શું, પણ આ ઠૂંઠાનેય નવપલ્લવિત કરી શકે છે.'

આમ કહી નીલકંઠ વર્ણીએ મનમાં ને મનમાં પ્રાર્થના કરી ઠૂંઠા સામે હાથ ઊંચા કર્યા, તો જોતજોતામાં ઠૂંઠાને ડાળ પાંદડાં આવ્યાં, ફળફૂલ આવ્યાં, ને તેનું સુંદર ઘટાદાર વૃક્ષ બની ગયું.

સાધુઓ આનંદમાં આવી બોલી ઊઠ્યા : 'વાહ પ્રભુ ! વાહ પ્રભુ !'

પિબક તે જ ઘડીએ નીલકંઠ વર્ણીના પગમાં પડ્યો.

નીલકંઠ વર્ણીએ તેને કહ્યું : 'પ્રતિજ્ઞા કર કે હવે પછી મદ્ય-માંસનું સેવન નહિ કરું અને પ્રેમથી સૌની સાથે રહીશ !'

પિબકે કહ્યું : 'હવે હું સમજ્યો કે મારવાની શક્તિ એ સાચી શક્તિ નથી, જંતરમંતરની શક્તિ એ સાચી શક્તિ નથી ! ભક્તિની શક્તિ, પ્રેમની શક્તિ, ત્યાગ અને વૈરાગ્યની શક્તિ એ જ સાચી શક્તિ છે !'

ઘડીકમાં આખા ગામમાં આ વાત ફેલાઈ ગઈ અને લોકોનાં ટોળાં ને ટોળાં નીલકંઠ વર્ણીનાં દર્શન કરવા આવવા લાગ્યાં. સૌએ એમને ગામમાં રોકાઈ જવા આગ્રહ કર્યો, પણ બીજે જ દિવસે નીલકંઠ વર્ણી ત્યાંથી ચાલી નીકળ્યા. જ્યાં માનપાન મળે ત્યાં રહેવાનું એમને પસંદ નહોતું.

સ્વાધ્યાય

યોગ્ય જોડકાં ગોઠવો :

૧.	જંતરમંતરની શક્તિ	સાચી શક્તિ
૨.	ભક્તિની શક્તિ	પિબેક
૩.	સૂકાનું લીલું કર્યું	લીલાનું સૂકું કર્યું
૪.	પિબકે	નીલકંઠે

કોણ કહે છે, કોને કહે છે - તે જણાવો :

૧. 'અમે મદ્ય-માંસ ખાતા નથી.'

૨. 'તો શું તું સૂકાનું લીલું કરી શકે છે ?'

૩. 'હું'માં શક્તિ જ ક્યાં છે ?'

૧૦. વાઘને વશ કર્યો !

જંગલના સીમાડે એક ગામ હતું.

ગામ બહાર સાધુનો મઠ હતો.

મઠની ચારે તરફ ઊંચી દીવાલો હતી અને એક તરફ દરવાજો હતો.

નીલકંઠ વર્ણી જંગલ પાર કરી આ મઠ આગળ આવી પહોંચ્યા.

મઠની બહાર એક ઝાડ હેઠળ ઓટલો હતો, તેના પર મૃગચર્મ પાથરી તેમણે મુકામ કર્યો.

ત્યાં તો મઠમાંથી મહંત વગેરે દોડતા આવ્યા. કહે : 'વર્ણી, રાત રહેવું હોય તો મઠમાં આવો કે ગામમાં જાઓ ! અહીં નહીં !'

વર્ણીએ કહ્યું : 'અહીં કેમ નહી ?'

મહંતે કહ્યું : 'રોજ અહીં એક વાઘ આવે છે ! ઢોરઢાંખર કે માણસ કોઈ બહાર રહી ગયું તો પરોઢ જોવા પામતું નથી ! માટે કહું છું કે મઠમાં આવો ને જીવ બચાવો !'

વર્ણીએ કહ્યું : 'તો શું તમારા મઠમાં આવે તે કદી નહિ મરે ? મોત શું મઠમાં નહિ આવે ?'

મહંત હવે ગૂંચવાઈ ગયો. તેણે કહ્યું : 'મોત તો ગમે ત્યાં આવે ! બારી-બારણાં બંધ રાખો તોય આવે અને ભોંયરામાં ભરાઈ રહો તોય આવે !'

વર્ણીએ કહ્યું : 'તો પછી છોને એ અહીંયાં ઓટલા પર આવતું ! હું રાતે અહીં જ રહીશ !'

મહંતને ખાતરી થઈ ગઈ કે આ કોઈ સાધારણ છોકરો નથી. એટલે હવે તેણે વર્ણીને આગ્રહ કર્યો નહિ.

વર્ણી મઠની બહાર ઓટલા પર જ રહ્યા.

પણ મહંતના મનનો ભય દૂર થયો નહોતો. તે મઠની દીવાલના એક બાકામાંથી વર્ણીને જોઈ રહ્યો.

વર્ણી ઓટલા પર આસન જમાવીને બેઠા હતા. મધરાત થઈ. અચાનક વાઘનો ઘુરકાટ સંભળાયો.

એક, બે ને ત્રણ છલાંગમાં વાઘ ઓટલા આગળ આવી ઊભો. વર્ણીએ હાથ લાંબો કરી જાણે એને બોલાવ્યો, 'આવ ભાઈ !'



મહંત ફાટી આંખે જોઈ રહ્યો હતો.

વાઘ ઓટલાની છેક નીચે આવી ઊભો રહી ગયો.

વર્ણીના શબ્દો રાતની શાંતિમાં સ્પષ્ટ સંભળાયા : 'આવ, ભાઈ ઉપર આવ !' અને ધીરેથી એક છલાંગ મારી વાઘ ઓટલા ઉપર આવી ગયો.

મહંતને થયું કે હમણાં એ વર્ણીને ફાડી ખાશે.

પણ આ શું ? ફાડી ખાવાને બદલે વાઘ તો વર્ણીના પગમાં પાળેલા કૂતરાની પેઠે લાંબો થઈને સૂઈ ગયો, ને વર્ણી ધીરે ધીરે એના શરીર પર હાથ ફેરવવા લાગ્યા !

મહંત જોતો જ રહ્યો, જોતો જ રહ્યો. મઠના કેટલાય માણસોને બોલાવી બોલાવીને એણે આ દૃશ્ય દેખાડ્યું. બધા આભા બની ગયા.

હિંસક વાઘ પણ પોતાના સ્વભાવ ભૂલી જેના પગમાં આળોટે છે એવા વર્ણીરાજને એમણે મનથી પ્રણામ કર્યા. એમ કરતાં સવાર થવા આવી.

હવે વર્ણીએ વાઘને કહ્યું : 'ભઈલા, જા, હવે તારે ઘેર જા ! આજનો દિ' તું ભૂખ્યો રહ્યો તેને માટે મને માફ કરજે !'

વાઘ કાન ફફડાવી ઊભો થયો, ને વર્ણીની સામે જોઈ રહ્યો. વર્ણીએ ફરી તેના માથા પર હાથ મૂકી કહ્યું : 'જા, ભાઈ, હવે જા !'

વાઘ એક, બે ને ત્રણ છલાંગે અદૃશ્ય થઈ ગયો.

મહંતે ફટ દઈને મઠનો દરવાજો ખોલી નાખ્યો. મહંત અને કેટલાય

માણસો દોડતા આવી વર્ણીના પગમાં પડ્યા. ઘડીકમાં ગામમાં પણ આ સમાચાર પહોંચી ગયા, અને લોકોનાં ટોળેટોળાં વર્ણીનાં દર્શન કરવા આવવા લાગ્યાં. બધાંને મોઢે એક જ વાત : 'વાહ, વર્ણી વાહ !'

મહંતે વર્ણીના પગમાં માથું મૂકી કહ્યું : 'વર્ણીરાજ, આ મઠ તમારા ચરણમાં ધરું છું. આજથી તમે એના મહંત, હું તમારો સેવક !'

વર્ણીએ કહ્યું : 'કોઈ મઠની મહંતાઈ કરવા ઘર નથી છોડ્યું, ભાઈ ! હજી તો મારે ઘણું કામ કરવાનું છે - કામની શરૂઆત જ હજી તો નથી થઈ !'

આમ કહી મૃગચર્મ ખભે નાખી દંડ-કમંડળ ઉપાડી એમણે ચાલવા માંડ્યું. હજારો માણસોના કંઠમાંથી એક સાથે શબ્દો નીકળી પડ્યા : 'વાહ ! વર્ણી, વાહ !'

સ્વાધ્યાય

કોણ કહે છે, કોને કહે છે - તે જણાવો.

૧. 'મોત શું મઠમાં નહિ આવે ?'

૨. 'ભઈલા, જા, હવે તારે ઘેર જા !'

૩. 'કોઈ મઠની મહંતાઈ કરવા ઘર નથી છોડ્યું !'

એક વાક્યમાં જવાબ આપો :

૧. મહંતે નીલકંઠ વર્ણીને મઠમાં રાત રહેવા શા માટે આગ્રહ કર્યો ?

૨. નીલકંઠ વર્ણી ક્યાં રહ્યા ?

૩. દીવાલના બાકામાંથી મહંતે શું દૃશ્ય જોયું ?

૪. નીલકંઠ વર્ણી પાસે આવીને વાઘે શું કર્યું ?

૫. નીલકંઠ વર્ણીએ મઠની મહંતાઈ કેમ ન સ્વીકારી ?

૧૧. જંગલી જાનવર પણ ઓળખે !

ફરતાં ફરતાં નીલકંઠ વર્ણી એક ગામમાં આવ્યા.

ત્યાં એમણે રામજી મંદિરમાં મુકામ કર્યો.

એટલામાં ગામના એક બ્રાહ્મણની બે છોકરીઓ તુલસીકૃત રામાયણ લઈને આવી અને મંદિરના મહંતને કેટલીક ચોપાઈઓનો અર્થ પૂછવા લાગી.

મહંતને પોતાને જ એ ચોપાઈઓનો અર્થ આવડતો નહોતો, તેથી તેણે

ગલ્લાં-તલ્લાં કરવા માંડ્યાં. નીલકંઠ વર્ણી એ જોઈ રહ્યા હતા.

તેમને થયું કે અર્થ ન આવડે તો ના કહેવી જોઈએ પણ ખોટા અર્થ કરી કોઈને ખોટું સમજાવવું ન જોઈએ. તેથી તેમણે વિનય દાખવી મહંતને કહ્યું : 'આપ કહો તો હું એ ચોપાઈઓના અર્થ કરું.'

મહંતે હા કહી, એટલે નીલકંઠ વર્ણીએ ખૂબ સરળતાથી ચોપાઈઓનો અર્થ કરી બતાવ્યો. એ સાંભળી મહંત પણ રાજી થયા, અને ભણવા આવેલી છોકરીઓ પણ રાજી થઈ.

છોકરીઓએ ઘેર જઈ પોતાના પિતાને આ વાત કહી.

બ્રાહ્મણને એક દીકરો હતો. એનું નામ જયરામદાસ. બ્રાહ્મણે વિચાર કર્યો કે જયરામને જો આવા વિદ્વાન બ્રહ્મચારીનો સત્સંગ મળે તો ખૂબ લાભ થાય.

તેથી તેઓ જાતે જઈને નીલકંઠ વર્ણીને પોતાના ઘેર લઈ આવ્યા, પછી પોતાના દીકરા જયરામને તેમની આગળ રજૂ કરી બોલ્યા : 'આજથી આ છોકરો તમને સોંપ્યો !'

જયરામદાસને વળી એક મિત્ર હતો. એનું નામ કૃષ્ણ તંબોળી.

એ કૃષ્ણ તંબોળીના ઘરની પાસે એક સરોવર હતું. કૃષ્ણ તંબોળી ઘણી વાર તરાપામાં બેસી સરોવરમાં સહેલ કરતો.

એક વાર નીલકંઠ વર્ણીએ કહ્યું : 'આજે આપણે ત્રણે સરોવરની સહેલ કરીએ !'

કૃષ્ણ તંબોળી એ સાંભળી ખુશ થઈ ગયો. નીલકંઠ વર્ણી અને જયરામદાસને તરાપા પર બેસાડી તેણે તરાપો સરોવરમાં ચલાવ્યો.

સરોવરમાં ફક્કડ કમળકાકડી થતી હતી. કૃષ્ણ તંબોળીએ તાજી-કૂણી કમળકાકડીઓ કાઢી નીલકંઠ વર્ણીને ખવડાવી.

થોડી વાર પછી નીલકંઠ કહે : 'હવે હું તરાપો ચલાવું !' આમ કહી કૃષ્ણ તંબોળીના હાથમાંથી વાંસ લઈ એમણે તરાપો ચલાવવા માંડ્યો.

આમ વાતની મોજ માણતા બધા સહેલ કરતા હતા, ત્યાં અચાનક તંબોળી બૂમ પાડી ઊઠ્યો : 'એ તરફ નહિ, નીલકંઠ, એ તરફ નહિ ! ત્યાં મહાભયંકર વન છે !'

નીલકંઠ વર્ણીએ હસીને કહ્યું : 'આટલે આવ્યા છીએ તો જરી જોતા

જઈએ!'

તંબોળીએ કહ્યું : 'ત્યાં વિકરાળ વાઘ, વરુ ને રીંછ છે ! કોઈ કદી ત્યાં જતું નથી !'

એટલામાં તરાપો વનની જમીન પર આવી પહોંચ્યો હતો. ઠેકડો મારી નીલકંઠ વર્ણી જમીન પર કૂદી પડ્યા. એટલે બીજા બેય એમની પાછળ ઊતર્યા.

તંબોળી અને જયરામ ના ના કરતા રહ્યા, પણ નીલકંઠ વર્ણીએ તો વનમાં આગળ ચાલવા માંડ્યું. જયરામ અને તંબોળી બીતાં ફફડતાં પાછળ ચાલ્યા. પણ થોડેક ગયા - ન ગયા, ત્યાં તંબોળી ચીસ પાડી ઊઠ્યો : 'નીલકંઠ ! રીંછ !'

એક વિકરાળ રીંછ સામે આવતું હતું.

નીલકંઠ વર્ણીએ પણ એ જોયું હતું, પણ એ તો જરાયે થડક્યા વગર રીંછની સામે જ જતા હતા !

તંબોળી થંભી ગયો હતો. પણ જયરામદાસ કહે : 'આપણે નીલકંઠ વર્ણીની સાથે આવ્યા છીએ, ને એની સાથે જ રહેવું જોઈએ !'

બંને દોસ્તો નીલકંઠ વર્ણીની નજીક આવ્યા.

એટલામાં રીંછ પણ નીલકંઠ વર્ણીની બરાબર સામે આવી ઊભું હતું. નીલકંઠ વર્ણી રીંછના માથા પર હાથ મૂકી કહેતા હતા : 'કેમ છો, જાંબુવાન ? મજામાં ને ?'

જયરામ અને તંબોળી વિચાર કરે છે કે હમણાં રીંછ તરાપ મારશે અને અમને ત્રણેને ધૂળ ચાટતા કરી નાખશે; પણ રીંછ તો નીચું માથું કરી રડતું હતું ! અને —

અને, નીલકંઠ વર્ણી એના માથા પર, ખભા પર, હેતથી હાથ ફેરવી એને આશ્વાસન આપતા હતા કે 'રડ મા જાંબુવાન, રડ મા !'

ધીરે ધીરે રીંછ શાંત થયું.

પછી નીલકંઠ વર્ણીએ રીંછને કહ્યું: 'હું તને નહિ ભૂલું, જાંબુવાન ! હવે તું જા !'

રીંછ તરત જ નીચું માથું કરી જંગલમાં અદૃશ્ય થઈ ગયું.

નીલકંઠ વર્ણી ત્યાંથી જ પાછા ફર્યા. તેમણે તંબોળીને અને જયરામ-

દાસને કહ્યું : 'કામ પત્યું ! ચાલો, પાછા !'

ત્રણે હવે સરોવરના કિનારે આવ્યા ને ફરી તરાપામાં બેસી સરોવર પાર કરી ગામમાં આવ્યા.

ઘડીકમાં આખા ગામમાં વાત ફેલાઈ ગઈ કે નીલકંઠ વર્ણી ચમત્કારી પુરુષ છે. જંગલી જાનવર પણ એમને ઓળખે છે. ગામ લોકોએ નક્કી કર્યું કે નીલકંઠ વર્ણીને આપણા ગામમાં જ રોકી રાખવા.

પણ બીજી સવારે બ્રાહ્મણ જુએ તો નીલકંઠ વર્ણી ગુમ ! મધરાતે સૌને ઊંઘતા મેલી એ ચાલી નીકળ્યા હતા.

બ્રાહ્મણ કહે : 'નીલકંઠ વર્ણી વિના બધું સૂનું સૂનું લાગે છે !'

બ્રાહ્મણી કહે : 'મનેય એવું લાગે છે.'

જયરામ કહે : 'તો હું જાઉં ? શોધી કાઢું ?'

બ્રાહ્મણ કહે : 'જા.'

તે જ દિવસે જયરામદાસ નીલકંઠ વર્ણીને શોધવા નીકળી પડ્યો. ગામોગામ નીલકંઠ વર્ણીના ખબર પૂછતો જાય અને એમ આગળ વધતો જાય. એમ કરતાં વીસ દિવસે નીલકંઠ વર્ણીનો એને પત્તો લાગ્યો. બંને ખૂબ આનંદથી ભેટ્યા.

પછી જયરામદાસ કહે : 'ચાલો, પાછા ઘેર !'

નીલકંઠ વર્ણી હસીને કહે : 'અત્યારે તો જગન્નાથપુરી ચાલ, પછી વાત.' બંને જગન્નાથપુરી ગયા.

ત્યાં કેટલોક વખત રહ્યા પછી જયરામદાસે કહ્યું : 'હવે ચાલો ઘેર.'

નીલકંઠ વર્ણીએ કહ્યું : 'જો ભાઈ, હું માથે મોટું કામ લઈને નીકળ્યો છું, માટે મને મારે રસ્તે જવા દે અને તું તારે રસ્તે જા !'

જયરામદાસે કહ્યું : 'તમારો રસ્તો એ જ મારો રસ્તો છે !'

નીલકંઠ વર્ણીએ હસીને કહ્યું : 'એવી ખાતરી થાય ત્યારે આવી રહેજે મારી પાસે ! આજે તો ઘેર જા. તારાં મા-બાપ તારી રાહ જુએ છે.'

જયરામદાસે કહ્યું : 'મને હવે ઘેર જવાનું મન નથી. મારે તો તમારી જોડે રહેવું છે !'

નીલકંઠ વર્ણીએ કહ્યું : 'અત્યારે તો ઘેર જા ! પછી તારો વખત થશે ત્યારે હું તને બોલાવીશ !'

જયરામદાસ એકલો ઘેર પાછો ફર્યો. નીલકંઠ પાછા આવ્યા નહિ તેથી જયરામદાસનાં માતા-પિતા બહુ દુઃખી થયાં. પણ જયરામદાસ તો રાત ને દિવસ બેચેન રહેવા લાગ્યો. નીલકંઠ ક્યારે બોલાવે, ક્યારે બોલાવે એવું થવા માંડ્યું.

આમ, બે-ચાર વરસ વહી ગયાં.

ત્યાં અચાનક એક દિવસ જયરામદાસને થયું કે હવે નીલકંઠ વર્ણી વગર નહિ રહેવાય. એટલે કોઈને કંઈ પણ કહ્યા વિના એ ઘરબાર છોડી ચાલી નીકળ્યો - નીલકંઠની શોધમાં !

કેટલુંયે ફર્યો, કેટલાંયે ગામો ફર્યો, કેટલાંયે તીર્થો જોયાં, કેટલાંયે વરસ રખડ્યો, ત્યારે છેવટે સૌરાષ્ટ્રના લોજ ગામમાં નીલકંઠ વર્ણીનાં દર્શન થયાં.

નીલકંઠ વર્ણી તે વખતે 'સહજાનંદ સ્વામી' રૂપે બિરાજતા હતા.

દોડીને એ મહારાજના પગમાં પડ્યો.

મહારાજે એને હેતથી બેઠો કરી કહ્યું : 'આવી પહોંચ્યો, જયરામ ! હું ક્યારનો તારી રાહ જોતો હતો !'

તે પછી જયરામદાસ ઘેર પાછા ગયા જ નહિ.... સાધુ બની એ મહારાજની સાથે જ રહ્યા.

સ્વાધ્યાય

મને ઓળખાવો :

૧. હું તરાપામાં બેસી સહેલ કરતો.

૨. નીલકંઠ વર્ણીએ મને કહ્યું : 'હું તને નહિ ભૂલું ?'

૩. હું નીલકંઠ વર્ણીને શોધવા નીકળી પડ્યો.

૪. મેં રામજી મંદિરમાં મુકામ કર્યો.

કોણ કહે છે, કોને કહે છે - તે જણાવો :

૧. 'આપ કહો તો હું એ ચોપાઈઓનો અર્થ કરું.'

૨. 'આજથી આ છોકરો તમને સોંપ્યો.'

૩. 'આપણે નીલકંઠ વર્ણીની સાથે આવ્યા છીએ, ને એની સાથે જ રહેવું જોઈએ.'

૪. 'તમારો રસ્તો એ જ મારો રસ્તો છે !'

૫. 'હું ક્યારનો તારી રાહ જોતો હતો !'

૧૨. સરયૂદાસ

નીલકંઠ વર્ણી સાત વર્ષ સુધી ભારતના એક છેડેથી બીજા છેડા સુધી ફર્યા. હિમાલયથી નેપાળ, આસામ, જગન્નાથપુરી થઈ રામેશ્વર, કન્યાકુમારી થઈ સૌરાષ્ટ્રમાં આવ્યા.

જૂનાગઢ તાબાના લોજ ગામે એક વાવ પાસે ઝાડ હેઠળ તેમણે મુકામ કર્યો. લોજ ગામમાં રામાનંદ સ્વામીનો આશ્રમ હતો. રામાનંદ સ્વામી તે વખતે કચ્છમાં હતા, અને આશ્રમ મુક્તાનંદ સ્વામીને સોંપ્યો હતો.

મુક્તાનંદ સ્વામીને ખબર પડી કે કોઈ બાળયોગી વાવ પાસે ઝાડ હેઠળ બેઠો છે. તેમણે તરત જ તેમને પોતાના આશ્રમમાં બોલાવ્યા ને ખૂબ ભાવથી તેમનો સત્કાર કર્યો.

નીલકંઠ વર્ણીને જોતાં જ મુક્તાનંદ સ્વામીને ખાતરી થઈ ગઈ કે આ કોઈ સાધારણ યોગી નથી, મહાન યોગી અને તપસ્વી છે. ઉંમરમાં ભલે નાનો માત્ર અઢાર વરસનો, પણ અનુભવમાં સૌથી આગળ છે. ઉંમરમાં નાનો, પણ જો જ્ઞાનમાં મોટો હોય તો એને મોટો સમજી માન આપવું. ઉંમરમાં નાનો, પણ જો ભક્તિમાં મોટો હોય તો એને પગે લાગવું.

મુક્તાનંદ નીલકંઠ વર્ણીને ભાવથી ભેટ્યા, ને એમને પોતાના આશ્રમમાં જ રોકી રાખ્યા.

નીલકંઠ વર્ણીએ ભારતભરમાં અનેક આશ્રમો ને મઠો જોયા હતા. પણ લોજનો આશ્રમ એ બધાથી જુદો દેખાયો. અહીં નથી કોઈ ગાંજો ફૂંકતું, નથી કોઈ બીડી-તમાકુ વાપરતું કે નથી કોઈ ભાંગ પીતું. છીંકણી સુધ્ધાં કોઈ સૂંઘતું નથી. આચાર-વિચારમાં પણ બધા શુદ્ધ છે. ગુસ્સો કરવો કે ગાળાગાળી કરવી એ અહીં ખરાબ ગણાય છે, અહીં બધે ભક્તિનું વાતાવરણ છે. એ જોઈ તેમને થયું કે અહીં શિષ્યો આવા છે, તો ગુરુ કેવા હશે ? માટે મારે રામાનંદ સ્વામીનાં દર્શન થતાં સુધી અહીં રોકાવું.

આમ, નીલકંઠ વર્ણી લોજપુરમાં રોકાઈ ગયા. મુક્તાનંદ સ્વામીએ એમનું નામ પાડ્યું - 'સરયૂદાસ !' સરયૂ નદીના કિનારે વસેલી અયોધ્યા નગરીમાં રહેલા ને, એટલે !

સરયૂદાસ મુક્તાનંદ સ્વામીની સાથે ખભે કાવડ લઈને આસપાસનાં

ગામોમાં ભિક્ષા માગવા પણ જતા. આશ્રમનું બધું જ કામ તેઓ કરતા. કચરો કાઢતા, વાસણ ઊટકતા, પાણી ભરતા, છાણાં પણ ઉપાડતા ! આશ્રમમાં અતિથિઓ આવે તો તેમને રાંધી ખવડાવતા, ને તેમની પતરાળી પણ ઉપાડતા ! આશ્રમના સાધુઓને યોગની ક્રિયાઓ પણ શીખવતા.

મુક્તાનંદ સ્વામીની સાથે સરયૂદાસનો ખૂબ જ મેળ મળી ગયો હતો. મુક્તાનંદ સ્વામી સરયૂદાસને ખૂબ જ માન આપતા; પણ સરયૂદાસ હંમેશાં મુક્તાનંદ સ્વામીને ઊંચા આસને બેસાડીને પોતે નીચે જમીન પર બેસતા. એ ઘણી વાર મુક્તાનંદ સ્વામીની સાથે ધ્યાનમાં બેસતા, ને પોતાના વનવાસના અનુભવોની વાતો કરતા. તેઓ કહે : 'મને તો વગડામાં ગમે છે તેવું બીજે ક્યાંય નથી ગમતું ! રામાનંદ સ્વામીનાં દર્શન કર્યાં પછી હું તો પાછો વનમાં ચાલ્યો જઈશ !'

મુક્તાનંદ સ્વામી કહે : 'હું તમારી જોડે આવીશ !'

સરયૂદાસ કહે : 'બહુ સરસ ! આપણે બેઉ વનમાં જઈ તપસ્યા કરીશું ને ધ્યાનમાં બેસીશું ! હું ધ્યાનમાં બેસું ત્યારે તમે મારા શરીરની સંભાળ રાખજો અને તમે ધ્યાનમાં બેસશો ત્યારે હું તમારા શરીરની સંભાળ રાખીશ !'

એક વાર સરયૂદાસને રામાનંદ સ્વામીનું સ્વરૂપ કેવું છે એ જાણવાનું મન થયું. તેમણે મુક્તાનંદ સ્વામીને કહ્યું : 'તમે અત્યારે ધ્યાનમાં બેસો, ને રામાનંદ સ્વામીનું ધ્યાન કરો !'

મુક્તાનંદ સ્વામી રામાનંદ સ્વામીનું ધ્યાન ધરવા બેઠા. ત્યારે સરયૂદાસ મુક્તાનંદ સ્વામીનું ધ્યાન ધરવા બેઠા. આમ, સરયૂદાસે મુક્તાનંદ સ્વામીના મનમાં પ્રવેશ કરી ત્યાં રામાનંદ સ્વામીનાં દર્શન કર્યાં.

પછી ધ્યાનમાંથી જાગીને તેમણે રામાનંદ સ્વામી કેવા છે, તેમના શરીર પર કેવી નિશાનીઓ છે તે બધું કહ્યું. એ સાંભળીને બધા ચકિત થઈ ગયા. કારણ, સરયૂદાસે કહેલું બધું જ સાચું હતું !

નીલકંઠ વર્ણી આવા મહાન યોગી હતા.

સ્વાધ્યાય

એક વાક્યમાં જવાબ આપો :

૧. નીલકંઠ વર્ણીએ કેટલાં વર્ષ સુધી વન વિચરણ કર્યું ?

૨. મુક્તાનંદ સ્વામી નીલકંઠને સરયૂદાસ શા માટે કહેતા ?

૩. સરયૂદાસે રામાનંદ સ્વામીનાં દર્શન કેવી રીતે કર્યા ?

૪. રામાનંદ સ્વામીનો આશ્રમ કયા ગામમાં હતો ?

૫. સરયૂદાસને ક્યાં રહેવું ગમતું ?

ત્રણ લીટીમાં જવાબ આપો :

૧. નીલકંઠને લોજનો આશ્રમ કેમ ગમી ગયો ?

૨. સરયૂદાસ આશ્રમમાં કઈ કઈ સેવા કરતા ?

૧૩. નીલકંઠમાંથી સહજાનંદ !

થોડા વખત પછી રામાનંદ સ્વામી કચ્છ છોડી સૌરાષ્ટ્રમાં આવ્યા.

પીપલાણા નામે ગામમાં એમનો મુકામ હતો.

લોજપુર સંદેશો મોકલી તેમણે નીલકંઠ વર્ણીને પીપલાણા બોલાવ્યા.

નીલકંઠની સાથે મુક્તાનંદ સ્વામી વગેરે સંતો પણ આવ્યા.

રામાનંદ સ્વામી ગાદી-તકિયે પાટ ઉપર બિરાજ્યા હતા. નીલકંઠે એમને સાષ્ટાંગ દંડવત્-પ્રણામ કર્યા. રામાનંદ સ્વામી પાટ ઉપરથી ઊતરી એમને ભેટ્યા !

ગમે તેવો મોટો માણસ આવે પણ રામાનંદ સ્વામી કદી કોઈને ભેટતા નહિ, પણ નીલકંઠને એ ભેટ્યા ! એ જોઈ સૌને ખાતરી થઈ ગઈ કે નીલકંઠ કોઈ અદ્‌ભુત પુરુષ છે !

પછી રામાનંદ સ્વામીની અને નીલકંઠની વાતો ચાલી. નીલકંઠે એમને પોતાના તપની અને સાધનાની વાતો કરી; પોતાના પરિભ્રમણની પણ વાત કરી.

એ સાંભળી રામાનંદ સ્વામીએ કહ્યું : 'હવે શો વિચાર છે ?'

નીલકંઠે નિર્ણય જ કરી રાખ્યો હતો. તેમણે કહ્યું : 'હવે આપનાં ચરણમાં !'

સ્વામીએ કહ્યું : 'તમે બદરી-કેદારની યાત્રા કરી, જગન્નાથપુરીની કરી, રામેશ્વરની કરી, હવે દ્વારકાની નથી કરવી ?'

નીલકંઠે કહ્યું : 'આપનાં દર્શન થયાં એટલે મારી બધીયે યાત્રાઓ પૂરી થઈ ગઈ ! હવે ક્યાંય જવું નથી !'

હવે રામાનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીની સામે જોઈ કહ્યું : 'સ્વામી ! તમને ખબર છે ? વર્ષોથી અમે જેમની વાટ જોતા હતા તે આ વર્ણીરાજ છે !'

ચોમાસાના ચારે મહિના રામાનંદ સ્વામી પીપલાણામાં રહ્યા. નીલકંઠ પણ તેમની સાથે રહ્યા. ચોમાસું પૂરું થયું.

સંવત ૧૮૫૭ના કારતક સુદ એકાદશીના પવિત્ર દિવસે રામાનંદ સ્વામીએ નીલકંઠને દીક્ષા આપી તેમને 'સહજાનંદ સ્વામી' તથા 'નારાયણ મુનિ' એવાં બે નામ આપ્યાં.

નાનકડું પીપલાણા ગામ ધન્ય બની ગયું !

રામાનંદ સ્વામીએ નવદીક્ષિત સહજાનંદ સ્વામીના મસ્તક ઉપર બેઉ હાથ મૂકી આશીર્વાદ આપ્યા :

'ધર્મ પાળજો અને સૌને ધર્મ પળાવજો ! મહિમાએ સહિત ભક્તિ પ્રવર્તાવજો !'

સ્વાધ્યાય

ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ મૂકો :

૧. રામાનંદ સ્વામી અને નીલકંઠનો પ્રથમ મેળાપ ..... ગામે થયો. (લોજ, પીપલાણા, જગન્નાથપુરી)

૨. સંવત .....ના કારતક સુદ ૧૧ના પવિત્ર દિવસે રામાનંદ સ્વામીએ નીલકંઠને દીક્ષા આપી. (૧૮૫૭, ૧૮૫૮, ૧૮૫૬)

એક વાક્યમાં જવાબ આપો :

૧. રામાનંદ સ્વામીએ નીલકંઠ વર્ણીને દીક્ષા આપી કયાં નામ પાડ્યાં ?

૨. રામાનંદ સ્વામીએ નવદીક્ષિત નીલકંઠના માથે હાથ મૂકી શા આશીર્વાદ આપ્યા ?

૩. 'વર્ષોથી અમે જેમની વાટ જોતા હતા તે આ વર્ણીરાજ છે' એવું રામાનંદ સ્વામીએ કોને કહ્યું ?

૧૪. સહજાનંદ સ્વામી મહારાજની જે !

રામાનંદ સ્વામી જ્યાં જાય ત્યાં સહજાનંદ સ્વામીને પોતાની સાથે જ લઈ જતા. તેમને પોતાની જોડે બેસાડી જમાડતા, ને શરીરની ખૂબ સંભાળ

રાખવાનું કહેતા.

એમ કરતાં બાર મહિના થવા આવ્યા.

રામાનંદ સ્વામીને ખબર પડી ગઈ હતી કે હવે મારો સમય પૂરો થવા આવ્યો છે, એટલે એક દિવસ એમણે બધા સંતો-હરિભક્તોને ભેગા કરી પૂછી લીધું કે મારી પછી ગાદીએ કોને બેસાડવા ?

મુક્તાનંદ સ્વામી જૂનામાં જૂના શિષ્ય હતા, ઉંમરમાં પણ મોટા હતા ને રામાનંદ સ્વામીની ગેરહાજરીમાં આશ્રમ તેમને જ સોંપાતો હતો. એ રીતે મહંત થવાનો હક્ક તેમનો ગણાય. પણ તેમણે જ પહેલું કહ્યું : 'સહજાનંદ સ્વામીને !'

બધાએ આ વાતને ટેકો આપ્યો.

રામાનંદ સ્વામીની તો એ ઇચ્છા હતી જ.

પણ એક જણે ના પાડી.

કોણ એ ?

સહજાનંદ સ્વામી પોતે !

એમણે કહ્યું : 'ના !'

આ સાંભળી બધા ચોંક્યા : 'આવી ફક્કડ ગાદી મળે છે, ને આ છોકરો ના કેમ કહે છે ?'

સહજાનંદ સ્વામીએ હાથ જોડી કહ્યું : 'મહારાજ, મહંત થવું મને નહિ ફાવે. મને તો વસતી કરતાં વનમાં વધારે ગમે છે. માટે આશીર્વાદ આપો ને મને વનમાં જવા દો !'

રામાનંદ સ્વામીએ કહ્યું : 'ગુરુની આજ્ઞા પણ તમે નહિ માનો ?'

સહજાનંદ સ્વામીએ કહ્યું : 'ગુરુની આજ્ઞા માથા સાટે પાળીશ !'

રામાનંદ સ્વામીએ કહ્યું : 'તો ગુરુની આજ્ઞા સમજી ગાદી સંભાળો !'

હવે બીજો ઉપાય રહ્યો નહિ. સહજાનંદ સ્વામીએ ગુરુની આજ્ઞા માથે ચડાવી. તેમણે બતાવી આપ્યું કે ગુરુની આજ્ઞા જ શિષ્યની ઇચ્છા હોવી જોઈએ.

ગાદીએ બેસાડવાના આ ઉત્સવને પટ્ટાભિષેક કહે છે. ગામેગામ કંકોતરીઓ લખાઈ ગઈ. જેતપુર ગામમાં પટ્ટાભિષેકની જોશભેર તૈયારીઓ ચાલી.



દીક્ષા પછી બરાબર બાર મહિને - સંવત ૧૮૫૮ના કારતક સુદ એકાદશીએ આ ઉત્સવ ઊજવાયો. ઢોલ-નગારાં વાગ્યાં, શરણાઈઓ વાગી, બંદૂકોના અવાજો થયા, ભજનકીર્તન ગવાયાં, બે ઘોડાની બગીમાં સહજાનંદ સ્વામીનું ગામમાં ફુલેકું કર્યું.

પછી વરઘોડો યજ્ઞમંડપમાં આવ્યો. બ્રાહ્મણોએ વેદમંત્રો ભણી યજ્ઞ કર્યો. પછી રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીનો હાથ પકડી તેમને પોતાની ગાદી પર બેસાડ્યા. તેમના કપાળમાં ચાંલ્લો કર્યો ને ગળામાં હાર પહેરાવ્યો. તે વખતે સહજાનંદ સ્વામીની ઉંમર માત્ર વીસ વર્ષની હતી !

'સહજાનંદ સ્વામી મહારાજની જે !'ના અવાજોથી મંડપ ગાજી રહ્યો.

પછી સહજાનંદ સ્વામીએ રામાનંદ સ્વામીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા ને એમના આશીર્વાદ માગ્યા.

રામાનંદ સ્વામીએ આશીર્વાદ આપતાં કહ્યું :

'વેદમાં કહ્યો એવો ધર્મ પાળજો ને પળાવજો.

લોક-કલ્યાણનાં કામો કરજો !

જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ પ્રવર્તાવજો !

જિજ્ઞાસુઓને જ્ઞાન આપજો !

મુમુક્ષુને દીક્ષા આપી ત્યાગી બનાવજો !

મોટાં મંદિરો બનાવી તેમાં રાધાકૃષ્ણની મૂર્તિઓ પધરાવજો !

સદ્‌ગ્રંથો રચી-રચાવી ધર્મનો પાયો પાકો કરજો !'

પછી રામાનંદ સ્વામીએ ભેગા થયેલા સંતો અને હરિભક્તોને કહ્યું : 'સૌ સહજાનંદ સ્વામીની આજ્ઞામાં રહેજો ! હું તો ગણેશની પેઠે પહેલો આવ્યો. પણ મંદિરના દેવ તો આ સહજાનંદ છે ! મેં ડુગડુગી વગાડી લીધી, મારું કામ પૂરું થયું ! ખરો ખેલ હવે જ શરૂ થાય છે !'

પછી તેમણે સહજાનંદ સ્વામીને કંઈ વરદાન માગવા કહ્યું. ત્યારે સહજાનંદ સ્વામીએ કહ્યું : 'પહેલું તો એ માંગુ છું કે તમારા કોઈ ભક્તને એક વીંછીનું દુઃખ થવાનું હોય તો એ દુઃખ એને ન થતાં એને બદલે મને રૂંવાડે રૂંવાડે ભલે થાઓ ! બીજું એ માગું છું કે તમારા ભક્તના ભાગ્યમાં રામપાતર લખ્યું હોય તો એ રામપાતર મને મળો અને તમારો ભક્ત અન્ન-વસ્ત્રે દુઃખી ન થાઓ !'

રામાનંદ સ્વામીએ કહ્યું : 'તથાસ્તુ !'

સહજાનંદ આવા દયાળુ હતા !! માગીને તેમણે ભક્તોનું દુઃખ પોતાને માથે લઈ લીધું હતું.

ચારે તરફથી લોકોએ એમની જે બોલાવી :

'બોલો, સહજાનંદ સ્વામી મહારાજની જે !'

સ્વાધ્યાય

ત્રણ લીટીમાં જવાબ આપો :

૧. સહજાનંદ સ્વામીને ગાદી સોંપી રામાનંદ સ્વામીએ શા આશીર્વાદ આપ્યા ?

૨. સહજાનંદ સ્વામીએ રામાનંદ સ્વામી પાસે કયાં વરદાન માગ્યાં ?

એક વાક્યમાં જવાબ આપો :

૧. રામાનંદ સ્વામીએ પોતાની ગાદી કોને આપી ?

૨. રામાનંદ સ્વામીએ પોતાની ગાદી ક્યારે અને ક્યાં આપી ?

૩. રામાનંદ સ્વામીના જૂનામાં જૂના શિષ્ય કોણ હતા ?

૪. સહજાનંદ સ્વામીએ મહંત થવાની કેમ ના પાડી ?

૫. પટ્ટાભિષેક વખતે સહજાનંદ સ્વામીની ઉંમર કેટલી હતી ?

૧૫. સ્વામિનારાયણ મંત્ર : મંત્રમૂર્તિ મહારાજ

સહજાનંદ સ્વામીને ગાદીએ બેસાડ્યા પછી મહિના-માસમાં જ રામાનંદ સ્વામીએ દેહ છોડ્યો.

તે પછી તેરમે દિવસે એક માણસ રામાનંદ સ્વામીના આશ્રમમાં આવ્યો. તેનું નામ શીતલદાસ.

ગુરુની શોધમાં આખું હિંદુસ્તાન ફરીને તે અહીં આવ્યો હતો.

પણ અહીં આવીને એણે જાણ્યું કે રામાનંદ સ્વામી તો નથી !

નિરાશ થઈને તે બેસી પડ્યો, ને માથે હાથ દઈ રોવા લાગ્યો : 'મારા નસીબમાં ગુરુ નથી ! હાય, હવે શું થાશે ?'

ત્યાં કોઈકે કહ્યું : 'રામાનંદ સ્વામીની જગ્યાએ સહજાનંદ સ્વામી આવ્યા છે, એમની પાસે જા !'

શીતલદાસ સહજાનંદ સ્વામી પાસે આવ્યો. મહારાજ તે વખતે ગાદી-તકિયે બિરાજ્યા હતા. આસપાસ સંતો-હરિભક્તો બેઠા હતા.

શીતલદાસે જોયું તો વીસ વરસનો છોકરો ! તે મનમાં કહે : 'આ છોકરો મને શું જ્ઞાન દેવાનો છે ? મોટા મોટા દાઢાવાળા કાંઈ કરી શક્યા નહિ, તો આ શું કરવાનો છે ? ચાલ, જતો રહું !'

ત્યાં તો મહારાજે એની સામે જોઈ કહ્યું : 'જવાની શી ઉતાવળ છે ? કાલે ફરી આવજો ને !'

શીતલદાસ આભો બની ગયો.

બીજે દિવસે એ મહારાજની સામે આવી બેઠો. મહારાજે કહ્યું : 'એક મંત્ર આપું છું. એનું રટણ કરો. બોલો : સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ !'

આ પહેલાં કોઈએ આ મંત્ર સાંભળ્યો નહોતો. આજે પહેલી જ વાર આ મંત્રનો ઉચ્ચાર થયો. મંત્ર ભારે ચમત્કારી !

એનું રટણ કરતાં કરતાં શીતલદાસ શરીરનું ભાન ભૂલી ગયો, ને કોઈ જુદી જ દુનિયામાં પહોંચી ગયો. આવી હાલતને સમાધિ કહે છે. આટલાં વરસ શીતલદાસ આખા દેશમાં ફર્યો હતો, પણ સમાધિનો અનુભવ તેને આ પહેલી જ વાર થયો.

સમાધિમાં એણે જોયું તો ભગવાન નારાયણ સિંહાસન પર બિરાજ્યા છે, ને દેવો તેમની સામે હાથ જોડી ઊભા છે. ઊભેલાઓમાં રામાનંદ સ્વામી પણ છે ! રામાનંદ સ્વામીને પગે લાગી તેમની પૂજા કરી, પછી બીજા દેવોની પૂજા કરવાનું તેને મન થયું. પણ પોતે એકલો ને દેવો ગણ્યા ગણાય નહિ એટલા ! વળી, પહેલી પૂજા કોની કરવી ને પછી કોની ? કે બધાની સાથે પૂજા કરવી ? આથી એ મૂંઝાયો.

ત્યારે નારાયણ ભગવાને કહ્યું : 'દેવો ગણ્યા ગણાય નહિ એટલા છે, તો તમેય ગણ્યા ગણાય નહિ એટલા બની જાઓ, ને બધાની એક સાથે પૂજા કરો !'

શીતલદાસે કહ્યું : 'મારાથી એ કેવી રીતે બને ?'

ત્યારે ભગવાને કહ્યું : 'રામાનંદ સ્વામીનું નામ લઈ કહો કે મને એકનો અનેક બનાવો !'

શીતલદાસે એમ કહ્યું, પણ એ એકનો અનેક થયો નહિ, એક જ રહ્યો.

ત્યારે ભગવાને કહ્યું : 'હવે સહજાનંદ સ્વામીનું નામ લઈ કહો !'

શીતલદાસે કહ્યું : 'હે સહજાનંદ મહારાજ ! મને એકનો અનેક બનાવો !'

તરત શીતલદાસ એકનો અનેક બની ગયો.

જેટલા દેવો એટલા શીતલદાસ !

શીતલદાસે એકી સાથે સૌ દેવોની પૂજા કરીને સૌને પગે લાગ્યો.

પછી તેણે ભગવાન નારાયણ સામે જોયું તો ભગવાન મરક મરક હસતા હતા ! શીતલદાસ આભો બની ગયો ! એ સહજાનંદ મહારાજ પોતે જ હતા !

હવે શીતલદાસ ભાનમાં આવ્યો. તરત જ લાંબો થઈ તે મહારાજના પગમાં પડ્યો !

પછી મહારાજે કહ્યું : 'શીતલદાસ ! સમાધિમાં શું જોયું ? તે સૌ સંતો-હરિભક્તોને કહો !'

ત્યારે શીતલદાસે સૌને પોતાના અનુભવની વાત કરી. એ સાંભળી સૌ આશ્ચર્યચકિત થઈ ગયા. હવે એમને ખબર પડી કે મહારાજ બીજા મનુષ્ય જેવા મનુષ્ય નથી, નારાયણ પોતે છે !

શીતલદાસ હવે ત્યાં જ રહી ગયા, ને દીક્ષા લઈ સાધુ બની ગયા.

તે દિવસથી ધરતી પર 'સ્વામિનારાયણ' મંત્રનું રટણ શરૂ થયું. તે હજી પણ રોજ રોજ વધારે ને વધારે વેગથી ચાલ્યા જ કરે છે. અને કાયમ ચાલ્યા કરશે !

મહારાજ પોતે 'સ્વામિનારાયણ' તરીકે ઓળખાતા થઈ ગયા.

મંત્ર એટલે મહારાજ અને મહારાજ એટલે મંત્ર !

મહારાજ મંત્રમૂર્તિ બની ગયા !

સ્વાધ્યાય

એક વાક્યમાં જવાબ આપો :

૧. શીતલદાસને સહજાનંદ સ્વામીએ કયો મંત્ર આપ્યો ?

૨. મંત્ર બોલતાં શીતલદાસને શું થયું ?

૩. આ પ્રસંગ પછી મહારાજ કયા નામે ઓળખાતા થયા ?

૪. 'સ્વામિનારાયણ'નું રટણ પૃથ્વી પર ક્યારથી શરૂ થયું ?

ટૂંકમાં સમજાવો :

શીતલદાસે સમાધિમાં શું જોયું ?

૧૬. મગનીરામનો ઘમંડ ઉતાર્યો !

દ્રવિડ દેશનો એક બ્રાહ્મણ.

નામ એનું મગનીરામ.

એને ભગવાનનાં દર્શન કરવા હતાં, એટલે એ ઘર છોડીને ચાલી નીકળ્યો.

ફરતો ફરતો એક ગામમાં આવી ચડ્યો.

ત્યાં એને એક દેવીનો ભક્ત મળ્યો. એણે કહ્યું : 'તને મંતર, તંતર ને જંતર શીખવું. દેવી તારા પર પ્રસન્ન થશે. તું જે ધારે તે કરી શકશે !'

મગનીરામ ત્યાં જ રોકાઈ ગયો. તેણે બધી મંતર-તંતરની વિદ્યાઓ હાથ કરી. આ વિદ્યાઓ તે કેવી ? મંત્ર ભણી માણસને મારવાની વિદ્યા, આગ લગાડવાની વિદ્યા, ધન હરી લેવાની વિદ્યા, લીલાને સૂકવી નાખવાની વિદ્યા - આવી બધી વિદ્યાઓ ભણી મગનીરામે દેવીને પ્રસન્ન કરી. પછી ભગવાનની

અને ભગવાનનાં દર્શનની વાત તો ભુલાઈ જ ગઈ.

મંતર-તંતરની આ વિદ્યાઓના જોરે મગનીરામ મોટો મહંત બની બેઠો. એક હજાર તો એના ચેલા ! રાજા-મહારાજાઓ એને પગે લાગતા આવે ! પાલખીમાં ચઢીને બધે ફરે ! ચાર ઘોડેસવારો પાલખીની આગળ ચાલે ને ચાર પાછળ ચાલે ! ઊંટ પર નોબતડંકા વાગે ! પાછળ હજાર બાવાઓની ફોજ ચાલી આવે. કોઈના હાથમાં ઢાલ-તલવાર, તો કોઈના હાથમાં લાઠી ! સૌના હાથમાં ચીપિયો તો ખરો જ !

આવો મગનીરામ ફરતો ફરતો સૌરાષ્ટ્રમાં આવ્યો. અહીં પણ એણે એવો જ રુઆબ ચલાવ્યો. ગામમાં કોઈ ઠાકોર કે નગરશેઠ કે મઠનો મહંત હોય તો એને બોલાવી હુકમ કરે : 'કાળી રોટી ને ધોળી દાળ ખિલાવો ! (માલપૂઆ ને દૂધપાક ખવડાવો !) અને પાંચ હજાર રૂપિયા દંડ ભરો, નહીં તો હમણાં મંતર મારી ગામ જલાવી દઈશ ! હમણાં મારું શકોરું ઊંધું વાળી તમારા ગામને પટ્ટનનું દટ્ટન કરી દઈશ - એક ઘર ઊભું નહિ રહે !'

લોકો આ ધમકીથી બી જાય ને મગનીરામ કહે તેમ કરે.

ફરતો ફરતો મગનીરામ પોરબંદર આવ્યો. ત્યાં પણ એણે આવો જ ત્રાસ વરતાવ્યો. ત્યારે કો'કે ટકોર કરી : 'અહીં દેડકાં શું ડાંભો છો ? જાઓને સ્વામિનારાયણ પાસે ! એ મણિધરને નાથો તો ખરા !'

મણિધર એટલે નાગ !

મગનીરામ ઊપડ્યો 'મણિધર'ને નાથવા.

તે વખતે મહારાજ માંગરોળ ગામમાં હતા. માંગરોળમાં મુસલમાન નવાબનું રાજ્ય હતું. પહેલું તો મગનીરામે નવાબને કહેવડાવ્યું કે 'અબઘડી પાંચ હજાર રૂપિયા ધરી દો. નહિ તો મારું રામપાતર ઊંધું વાળી તમારા ગામને ખેદાનમેદાન કરી નાંખીશ !'

નવાબે કહ્યું : 'પાંચ હજાર શા સારુ ? દસ હજાર આપીશ; પણ પહેલાં અમારા સ્વામિનારાયણને વશ કરો તો !'

અંગારા જેવી લાલચોળ આંખો કરી મગનીરામ મહારાજની પાસે પહોંચ્યો. ગળામાં ખોપરીના જેવી માળા, માથા પર દોઢ હાથની જટા, મોટો ચાંલ્લો, બેઉ હાથમાં જાડાં કડાં, છાતી પર જનોઈની પેઠે લોઢાની સાંકળો, અને જમણા હાથમાં મોટો ચીપિયો !

મહારાજની પાસે આવી એણે રાડ પાડી : 'તમારામાં કંઈ સિદ્ધાઈ હોય તો દેખાડો !'

જાણે જંગલી જાનવર ઘૂરક્યું !

મહારાજે શાંતિથી કહ્યું : 'અમારામાં વળી સિદ્ધાઈ કેવી ? અમે તો લોકોને સીધે રસ્તે ચાલવાનું કહીએ, એટલું !'

મગનીરામે રુઆબથી કહ્યું : 'હું તમારો દસ હજાર રૂપિયા દંડ કરું છું. હમણાં ને હમણાં ભરી દો, નહિ તો તમારી ખેર નથી ! હું જે તે નથી, હું દેવીવાળો મગનીરામ છું !'

મહારાજે કહ્યું : 'ભાઈ, રૂપિયા તો અમારી પાસે નથી; પણ રોટલા જોઈતા હોય તો આપીએ. અમે અહીં સદાવ્રત ખોલ્યું છે.'

મગનીરામના ગુસ્સાનો પાર ન રહ્યો. તે બોલી ઊઠ્યો : 'શું તમે મને સદાવ્રત ખાનારો સમજો છો ? હું તમને જોઈ લઈશ ! દેવી મને હાજરા-હજૂર છે !'

આમ કહી એ પોતાના મુકામે ગયો. ને મંત્ર ભણી દેવીની પૂજા કરવા બેઠો. દેવી પ્રસન્ન થઈ એટલે એણે કહ્યું : 'આ સ્વામિનારાયણને અને એના બધા બાવાઓને ઉપાડી દરિયામાં નાખી દો, મારી મા !'

દેવીએ કહ્યું : 'એ મારાથી નહિ બને !'

મગનીરામે કહ્યું : 'કેમ નહિ બને, મા ? તમે તો ધારો તે કરી શકો !'

દેવીએ કહ્યું : 'તું જેમ મને ભજે છે, તેમ હુંયે એક જણને ભજું છું !'

મગનીરામે પૂછ્યું : 'તમે વળી કોને ભજો છો ? તમે તો સૌના માલિક છો !'

દેવીએ કહ્યું : 'માલિક હું નથી, માલિક નારાયણ છે, ને હું નારાયણને ભજું છું. એ નારાયણ તે જ આ સ્વામિનારાયણ ! માટે ડાહ્યો હો તો સીધો સ્વામિનારાયણના પગમાં જઈને પડ ને એમનો સેવક થા ! તારી આ મોજશોખની જિંદગી છોડ, બીજાઓને બિવડાવવાનું છોડ ને તું શા માટે ઘર છોડી નીકળ્યો હતો તે યાદ કર !'

મગનીરામે કહ્યું : 'મેં તો ભગવાનનાં દર્શન કરવા ઘર છોડ્યું હતું !'

દેવીએ કહ્યું : 'ભગવાનનાં દર્શન કરવાં હોય તો સ્વામિનારાયણને શરણે જા !'

મગનીરામને હવે સાચી વાત સમજાઈ કે મંતર-તંતર ને જંતર બધું ખોટું છે, સાચું એક માત્ર ભગવાનનું નામ છે.

તેનો ગર્વ ગળી ગયો.

બીજી સવારે વહેલો ઊઠી એ મહારાજના આશ્રમે ગયો. સાધુઓ ધ્યાનમાં બેઠા હતા. એકે એક તમામ સાધુઓને તે પગે લાગ્યો. એક ખૂણે એઠાં વાસણોનો ઢગલો પડ્યો હતો. કોઈને કહ્યા વગર એ બધાંયે વાસણો તેણે ધોઈ નાખ્યાં ને વાસીદું વાળી જગા સાફ કરી. પછી મહારાજના પગમાં માથું મૂકી બોલ્યો : 'મહારાજ ! હું તમારો દાસ છું ! મને તમારી સેવામાં રાખો !'

મહારાજે કહ્યું : 'તમારી જટા ઉતારી ચોકમાં નાખો. ભલે લોકો એના પર ચાલે !'

રાજાને જેવી મૂછ વહાલી, તેવી બાવાને જટા વહાલી, પણ મહારાજની આજ્ઞા થતાં મગનીરામે જટા ઉતારી નાખી.

પછી મહારાજે કહ્યું : 'સાધુઓનાં પગરખાં માથે મૂકી પાંચ વાર સાધુઓની પ્રદક્ષિણા કરો !'

મગનીરામે સાધુઓનાં પગરખાંની પોટલી બાંધી, તેને માથે મૂકી, સાધુઓની પ્રદક્ષિણા કરી. મગનીરામના ઘમંડનું હવે નામનિશાન રહ્યું નહોતું !

પછી મહારાજે મગનીરામને દીક્ષા આપી સાધુ બનાવ્યા. નામ પાડ્યું – અદ્વૈતાનંદ.

મગનીરામ કહે : 'હાશ, હવે મને સાચો મારગ જડ્યો ! હવે મને શાંતિ થઈ !'

સ્વાધ્યાય

મને ઓળખાવો :

૧. મારી પાસે હજાર બાવાઓની ફોજ.

૨. મેં કહ્યું : 'માલિક હું નથી, માલિક નારાયણ છે.'

૩. મેં કહ્યું : 'દસ હજાર આપીશ, પણ પહેલાં અમારા સ્વામિનારાયણને વશ કરો તો !'

૪. મેં મગનીરામને દીક્ષા આપી સાધુ બનાવ્યો.

એક વાક્યમાં જવાબ આપો :

૧. મગનીરામે કઈ કઈ વિદ્યા પ્રાપ્ત કરી હતી ?

૨. મગનીરામને દીક્ષાનું નામ શું મળ્યું ?
૩. મગનીરામે ઘર શા માટે છોડ્યું ?
૪. મગનીરામ કયા મણિધરને નાથવા ઊપડ્યો ?
૫. મગનીરામ મહારાજને ક્યાં મળ્યો ?

૧૭. છોકરાંને સમાધિ

મહારાજ પહેલ-વહેલા ગઢડા પધાર્યા હતા.

ગામ બહાર એક ખીજડાના ઝાડ હેઠળ એમણે મુકામ કર્યો.

પછી નદીએ નાહવા ગયા.

ત્યાં કેટલાંક છોકરાંઓ રમતાં હતાં.

રમતાં રમતાં તેઓ મહારાજની પાસે આવ્યા.

મહારાજે છોકરાંઓની સામે નજર કરી ત્યાં તો બધાંયે છોકરાંઓ આંખો બંધ કરી જમીન પર બેસી ગયાં, શરીરનું ભાન ભૂલી ગયાં ને એકદમ સમાધિમાં પડી ગયાં ! બધાં ત્યાં ને ત્યાં જ લાંબા થઈને સૂઈ ગયાં.

વાત ગામમાં પહોંચી કે નદી પર કોઈ જાદુગર આવ્યો છે. તેણે જાદુથી છોકરાંઓને બેભાન બનાવી દીધાં છે. એટલે તો લોકોનું ટોળું દોડતું નદી પર આવ્યું. કોઈ રુએ, કોઈ કરગરે, કોઈ ધમકી આપે !

મહારાજ કહે : 'છોકરાંને કાંઈ થયું નથી, હમણાં બેઠાં થશે !'

મહારાજે છોકરાંઓ ઉપર નજર કરી, એટલે એકાએક બધાં છોકરાંઓ બેઠાં થઈ ગયાં. બધાં ખુશ હતાં. કહે : 'અમે ભગવાનના ઘેર જઈ આવ્યાં ! ત્યાં બધું રૂડું-રૂપાળું હતું !'

પછી મહારાજની સામે જોઈ કહે : 'ભગવાનનું મોં તમારા જેવું જ હતું ! તમે હતા ને ?'

જીવાખાચર કરીને એક કાઠી દરબાર ત્યાં હાજર હતા. એ તો આ સાંભળીને એવા ખુશ થઈ ગયા કે એમણે એ જ વખતે પેંડા મંગાવી વહેંચ્યા.

મોટા મોટા મુનિઓ આખી જિંદગી તપસ્યા કરે છે તોયે એમને સમાધિ થતી નથી અને અહીં મહારાજની કૃપાથી નાનાં છોકરાંને સમાધિ થઈ જાય છે ! શીતલદાસને સમાધિ થયા પછી તો કંઈ કેટલાયને સમાધિ થઈ હતી. કોઈને મહારાજના મોં સામે જોતાં જ સમાધિ થઈ જતી, તો કોઈને

મહારાજની ચાખડીનો અવાજ સાંભળીને ! અરે, કોઈને તો મહારાજનું માત્ર નામ સાંભળીને સમાધિ થઈ જતી. અમુક રીતે બેઠો હોય તેને જ સમાધિ થાય એવુંયે કાંઈ નહિ; કોઈ ઊંધા પગે બેઠો હોય કે કોઈ પલાંઠી વાળીને બેઠો હોય કે કોઈ સૂતોયે હોય ! કોઈની સમાધિ થોડી વાર ચાલે, તો કોઈની એક પહોર ચાલે, કોઈની આખો દિવસ પણ ચાલે ! કોઈ સમાધિમાંથી એની મેળે જાગે, તો કોઈને જગાડવા પડે ! સમાધિમાંથી જાગી બધા પોતે શું જોયું તે કહે !

મહારાજની પાસે એકલા હિંદુ નહિ, જૈન અને મુસલમાન પણ આવતા. એમનેય સમાધિ થતી. મુસલમાનને સમાધિમાં પેગંબરનાં દર્શન થાય, જૈનને મહાવીર સ્વામીનાં દર્શન થાય, તો કોઈ હિંદુ રામનો ભક્ત હોય તો રામનાં દર્શન થાય, કૃષ્ણ ભક્ત હોય તો કૃષ્ણનાં દર્શન થાય, શિવભક્ત હોય તો શિવનાં દર્શન થાય, અને હનુમાનદાદાનો ભક્ત હોય તો હનુમાનજીનાં દર્શન થાય ! પણ બધાયને સમાધિમાં મહારાજનાં દર્શન થાય અને બધા દેવો એમને મહારાજની ભક્તિ કરવાનું કહે !

સ્વાધ્યાય

ટૂંક નોંધ લખો :

૧. મહારાજની કૃપાથી લોકોને કેવી કેવી રીતે સમાધિ થતી ?

૨. સમાધિમાં લોકોને કેવાં દર્શન થતાં ?

૧૮. છડી સવારીએ કાકડી ખાધી !

જૂનાગઢના ભક્તોને મહારાજ પર ભારે પ્રેમ. એમની હોંશ પણ ભારે.
એમણે હાથી પર મહારાજની સવારી કાઢી.
નિશાન-ડંકા સાથે શહેરમાં મહારાજની સવારી નીકળી.
સવારીમાં સેંકડો કાઠી દરબારો ઘોડેસવાર થઈને ચાલે.
એ સૌની પાસે હથિયાર - કાં બંદૂક, કાં તલવાર !
સવારીનો ઠાઠ જોવા આખું ગામ ઊમટ્યું.
નવાબ પણ મહેલના ઝરૂખામાં આવી ઊભો.

એવામાં એક છોકરો હાથમાં તાજી કાકડી લઈને આવ્યો. ને છેક મહારાજના હાથી આગળ પહોંચી જઈને બોલવા લાગ્યો : 'મહારાજ, લ્યો,

આપના માટે લાવ્યો છું.'

મહારાજે એ જોયું.

બાળકો પર મહારાજને બહુ પ્રેમ. બાળકોને નિરાશ કરવાનું મહારાજને ગમે નહિ. તેઓ હાથી પર રહી બાળકના હાથમાંથી કાકડી લેવા નીચે નમ્યા, બાળક પણ ઊંચો થયો, પણ મહારાજને પહોંચી શક્યો નહિ. ત્યારે એક સંતે દોડી આવી છોકરાને તેડીને ઊંચો કર્યો.

મહારાજે સીધી છોકરાના હાથમાંથી કાકડી લીધી.

છોકરો ખુશખુશ થઈ કહે : 'મહારાજ ! કાકડી તાજી ને મીઠી છે, હોં !'

મહારાજે તો હાથી પર બેઠાં બેઠાં જ કાકડી ખાવા માંડી. સવારી નીકળી છે, ને હજારો લોકો જોવાને ભેગા થયા છે, પણ મહારાજને એનું કાંઈ નહીં : છોકરાએ કેવા ભાવથી કાકડી લાવીને આપી હતી ! પછી ખાય નહિ તો છોકરાને કેવું લાગે ?

હજારો માણસોને કેવું લાગશે એની મહારાજને ચિંતા નહોતી, પણ છોકરાને કેવું લાગશે તેની ચિંતા હતી. એટલે હાથી પર બેઠાં બેઠાં એ કાકડી ખાતા રહ્યા.

નવાબે ઝરૂખામાં બેઠાં બેઠાં આ જોયું.

આ જોઈ એ બોલી ઊઠ્યો : 'આ સાધારણ માણસ નથી, કાં ખુદા છે, કાં ખુદાનો ઓલિયો છે ! એના વિના આમ છડી સવારીએ કાકડી ખાવાની



કોઈની હિંમત ચાલે નહિ !'

આવા હતા મહારાજ !

બાળકો પર એમને ખૂબ જ પ્રેમ હતો.

સ્વાધ્યાય

એક વાક્યમાં જવાબ આપો :

૧. મહારાજે છડી સવારીએ કાકડી કેમ ખાધી ?

૨. મહારાજને કાકડી ખાતા જોઈ નવાબને શો વિચાર આવ્યો ?

૩. મહારાજને કાકડી આપવા છોકરાને ઊંચો કોણે કર્યો ?

૪. સવારી કયા ગામમાં નીકળી હતી ?

૧૯. જ્યાં વહેમ ત્યાં હરિ નહિ !

એ જમાનો વહેમનો હતો.

માણસ માંદો પડે તો કહેશે, કોઈએ મૂઠ મારી છે !

છોકરો માંદો પડે તો કહેશે, માતાનો રથ ફરી ગયો છે !

બૈરી માંદી પડે તો કહેશે, એને ભૂત વળગ્યું છે !

કોઈ જોગીજતિને બોલાવી એની પાસેથી દોરો-ધાગો લે, કોઈ ભૂવાને બોલાવી ડાકલાં વગડાવે, કોઈ ઘર મંતરાવે, કોઈ ખાટલો મંતરાવે, કોઈ ચૂલો મંતરાવે ! આવું કંઈ કંઈ ચાલ્યા કરે.

એક વાર એક માણસ માંદો પડ્યો.

એનાં સગાં-વહાલાં મહારાજને એને ઘેર તેડી ગયા. મનમાં એમ કે મહારાજના આશીર્વાદથી એ સાજો થઈ જાય.

મહારાજ તો દયાળુ હતા.

એને ઘેર ગયા, ને જઈને એના ખાટલા આગળ ઊભા.

ત્યાં એમની નજર ખાટલાના પાયા પર પડી.

જોયું તો પાયાને કાળો દોરો બાંધેલો હતો.

મહારાજ સમજી ગયા કે કોઈ ભૂવો અહીં દોરો-ધાગો કરી ગયો છે.

એટલે એક પણ અક્ષર બોલ્યા વગર એ ઊભા હતા ત્યાંથી જ પાછા ફરી ગયા ! કહે :

'જ્યાં વહેમ ત્યાં હરિ નહિ, જ્યાં હરિ ત્યાં વહેમ નહિ !'

હરિના ભક્તે હરિ પર જ વિશ્વાસ રાખવો જોઈએ. પરમાત્માથી મોટું કોઈ નથી, માટે પરમાત્મા સિવાય બીજા કોઈની સાડાબારી રાખવી નહિ ! મંતર-જંતર, દોરા-ધાગા, ભૂત-પલિત, ડાકણ-શાકણ કશાથી બીવું નહિ ! કારણ, પરમાત્માની ઇચ્છા વગર કોઈ સાજું-માંદું થતું નથી. માટે માંદે-સાજે, દુઃખમાં-સુખમાં એક પરમાત્માનો જ આશરો લેવો ! એ જ સૌને સંભાળશે.

વહેમો તો કંઈ થોડા હતા ? હોળી આવે એટલે લોકો ગંદાં ફટાણાં ગાય, છાતી કૂટે, ગાળો દે ! કહે કે 'આવું કરવું પડે, ન કરીએ તો હોળી માતા ગુસ્સે થાય.'

મહારાજ કહે : 'મા તે કદી કોઈને ગાળો દેવાનું કહેતી હશે ?' તેમણે એ બધું બંધ કરાવ્યું, ને સંત-કવિઓ પાસે હોળી પર ગાવાનાં સુંદર ગીતો લખાવ્યાં, ને એ ગીતો બધે ગવાતાં કર્યાં.

લગ્ન વખતે બીભત્સ ગીતો ગવાતાં, મહારાજે તે બંધ કરાવ્યાં, ને રાધા-વિવાહ, રુક્મિણી-વિવાહનાં ગીતો ગવાતાં કર્યાં.

આવાં તો મહારાજે કેટલાંયે કામો કર્યાં છે.

આવા હતા મહારાજ !

તેમણે લોકોને બતાવ્યું કે જ્યાં વહેમ ત્યાં હરિ નહિ ને જ્યાં હરિ ત્યાં વહેમ નહિ !

સ્વાધ્યાય

ટૂંક નોંધ લખો :

૧. પહેલાંના જમાનામાં કોઈ માંદું પડે તો લોકો શું કરતા ?

૨. મહારાજે કયા કયા કુરિવાજો બંધ કરાવ્યા ?

૩. 'જ્યાં વહેમ ત્યાં હરિ નહિ' એવું મહારાજ કયા પ્રસંગે બોલ્યા ?

૨૦. સૂરજની પેઠે

એક વાર મહારાજે એક ગામમાં ઉત્સવ કર્યો.

આખા ગામને જમાડ્યું. ગામના લોકો જમ્યા અને બહારથી ગામમાં આવેલા તેય જમ્યા.

મહારાજે પૂછ્યું : 'બધા જમ્યા ?'

જવાબ મળ્યો કે બધા જ જમ્યા !

તે વખતે નદીના સામા કિનારે કેટલાક માણસો મેલાઘેલા વેશમાં ફરતા હતા. મહારાજે તેમના તરફ હાથ કરી કહ્યું : 'એ લોકો જમ્યા ?'

ત્યારે કોઈ બોલ્યું : 'મહારાજ ! એ લોકો તો વાઘરી છે !'

મહારાજે કહ્યું : 'સૂરજ ઊગે તે કોઈને ટાળે છે ? વરસાદ વરસે છે તે લોકોને ટાળે છે ? તો સહજાનંદ જમાડે ત્યારે કોઈને ટાળે એ કેમ બને ? માટે એ લોકોને બોલાવો ને હેતથી જમાડો !'

તરત જ માણસો દોડ્યા ને વાઘરીઓને બોલાવી લાવ્યા. મહારાજે જાતે તેમને પીરસ્યું ને જમાડ્યા !

આવા હતા મહારાજ ! સૂરજની પેઠે એ સૌને અજવાળું આપે ! વરસાદની પેઠે સૌનો તાપ હરે !

સ્વાધ્યાય

કોણ, કોને કહે છે તે જણાવો :

૧. 'સૂરજ ઊગે તે કોઈને ટાળે છે ?'

ખરું કે ખોટું તે જણાવો :

૧. ગામના લોકોએ બધાને જમાડ્યા.

૨. વરસાદ વરસે તે કોઈને ટાળતો નથી.

૩. મહારાજે બીજા પાસે વાઘરીઓને જમાડ્યા.

૨૧. સૌએ કરવાની તપસ્યા !

એક વાર મહારાજ એક ગામમાં ગયા.

ત્યાં ગામને પાણીનું ઘણું દુઃખ હતું.

બધા દુઃખ દુઃખ કરીને બેસી રહે, કોઈ દુઃખ ટાળવા કશું કરે નહિ !

ત્યારે મહારાજ કહે : 'આપણે તળાવ ખોદીએ.'

મહારાજનો એવો જાદુ કે સંતો-હરિભક્તો બધા તૈયાર થઈ ગયા. મહારાજ પોતે તીકમ ઉપાડે, પછી બીજા કેમ જોઈ રહે ?

તળાવ ખોદાયું, ને ગામનું પાણીનું દુઃખ ટળ્યું.

આવા હતા મહારાજ !

આવાં તો મહારાજે કેટલાંયે કામ કર્યાં છે !

મહારાજ કહે : 'સાધુનું કામ માત્ર ઉપદેશ આપવાનું એટલે કે જીભ ચલાવવાનું નથી. એણે હાથ-પગ પણ ચલાવવાના છે. જેને પેટ છે તે દરેકે કામ કરવું જોઈએ. બીજા કામ કરે ને હું પેટ ભરું - એમાં સાધુપણું નથી.'

આથી, મહારાજ અને મહારાજના સાધુઓ લોકોનાં સુખ-દુઃખમાં ભાગ લેતા.

☆

ગઢડાનું મંદિર બાંધવામાં મહારાજે અને મહારાજના સંતો-હરિભક્તોએ તનતોડ કામ કર્યું છે. મહારાજે કહ્યું : 'સવાર-સાંજ નદીએથી નાહીને આવતાં દરેક જણ મંદિરના પાયામાં પૂરવા એક-એક પથરો માથે ઉપાડી લાવો !'

મહારાજ પોતે પણ એ પ્રમાણે રોજ સવાર-સાંજ નદીએથી એક પથરો માથા પર મૂકીને લઈ આવતા ! મહારાજ તે વખતે કેવા શોભતા હશે !

આવા હતા મહારાજ !

☆

એક વાર એક મંદિરનું બાંધકામ ચાલતું હતું.

કામ કરતાં ચૂનો ખૂટ્યો. એટલે કડિયાએ બૂમ પાડી, 'ચૂનો લાવો !'

મહારાજ તે વખતે ત્યાં હાજર હતા.

બીજું કોઈ આવે ને કડિયાને ચૂનાનું તગારું આપે તે પહેલાં તો મહારાજ દોડ્યાને ચૂનાનું તગારું ઉપાડી કડિયાની પાસે પહોંચી ગયા !

આવા હતા મહારાજ !

લોકોના લાભનું કોઈ પણ કામ એમને મન હલકું નહોતું !

☆

કામ કરનાર પર મહારાજને ઉમળકોયે એવો.

વડતાલના મંદિરના બાંધકામમાં મદદ કરનારા સંતો-હરિભક્તોને મહારાજે કહ્યું : 'તમે સૌએ ખૂબ દાખડો કર્યો છે. આવો, આપણે ભેટીએ !'

સંતો-ભક્તો કહે : 'અમારું શરીર ગારાવાળું છે.'

મહારાજ કહે : 'એ ગારો નથી, ચંદનનો લેપ છે !'

આમ કહી મહારાજ એકે એક સૌને ભેટ્યા !

આવા હતા મહારાજ !

કામ કરનારને યશ આપે જ આપે !

☆

વડતાલમાં ગોમતી તળાવ છે. એના ખોદકામમાં છાણી ગામના તેજાભાઈ વણકર અને એમની મંડળીએ ખૂબ કામ કરેલું. કામ પૂરું થયા પછી મહારાજે કહ્યું : 'બોલો, શું આપું ?'

મહારાજ તે વખતે બે ઈંટો ઉપર ઊભા હતા.

તેજાભાઈ કહે : 'આ ઈંટો આપો !'

મહારાજે રાજી થઈને એ ઈંટો આપી. તેજાભાઈએ છાણીમાં મંદિર કરી એ ઈંટો ત્યાં પધરાવી ! પંઢરપુરમાં ભક્ત પુંડરીકે ભગવાનને ઈંટ ઉપર ઊભા રાખ્યા છે. એટલે તો ભગવાન વિઠોબા (વીટ એટલે ઈંટ) કહેવાય છે. જેવા પંઢરપુરમાં વિઠોબા તેવા છાણીમાં મહારાજ ! ભક્તની બલિહારી છે, ભાઈ !

આવા હતા મહારાજ !

શ્રમ કરનાર ઉપર તે સદા પ્રસન્ન હતા.

☆

એક વાર એક સાધુ મંદિરનું કઠિયા કામ કરાવતા હતા. એમનું ઉઘાડું શરીર ચૂનાથી ધોળું થઈ ગયું હતું.

મહારાજે એ જોયું. દોડીને સાધુના શરીર પરથી ચૂનો ખંખેરવા લાગ્યા.

સાધુ કહે : 'ના, મહારાજ, ના !'

પણ મહારાજ કહે : 'હું તો અહીં હિમાલયના સાધુ તપ કરે છે, એમના શરીર પર બરફ વરસ્યો છે તે ખસેડું છું !'

આવા હતા મહારાજ !

એમણે શીખવ્યું કે શ્રમ એ તપસ્યા છે ! એ તપસ્યા સૌએ કરવાની છે.

સ્વાધ્યાય

ટૂંક નોંધ લખો :

(૧) મહારાજ અને મહારાજના સાધુઓ લોકોનાં સુખ-દુઃખમાં ભાગ લેતા.

(૨) શ્રમ કરનાર ઉપર તો મહારાજ સદા પ્રસન્ન.

૨૨. પેશ્વાના સૂબાનું કાવતરું !

અમદાવાદ પાસે જેતલપુર કરીને ગામ.

મહારાજે ત્યાં યજ્ઞ કર્યો.

બીજા લોકો યજ્ઞમાં પશુનું બલિદાન આપે, મહારાજે એવું કાંઈ જ કર્યું નહિ.

બીજા લોકો હિંસક યજ્ઞ કરે, મહારાજે અહિંસક યજ્ઞ કર્યો.

લોકો પર આની ખૂબ સારી અસર થઈ.

પણ કેટલાકને આ ગમ્યું નહિ. તેમને બીક લાગી કે આવા અહિંસક યજ્ઞો થવા માંડશે, તો પછી અમારો કોઈ ભાવ નહિ પૂછે. યજ્ઞ બંધ થશે ને તેને લીધે જે માંસ ખાવા મળે છે તેય બંધ થશે !

તે વખતે અમદાવાદમાં પેશ્વા સરકારનું રાજ્ય હતું. વિઠોબા કરીને પેશ્વાનો સૂબો અહીં રહેતો હતો. જેતલપુરમાં યજ્ઞ થયા પછી આ સૂબાના વૃદ્ધ બાપ ગુજરી ગયા. એટલે મહારાજના વિરોધીઓએ સૂબાના કાન ભંભેર્યા કે 'સહજાનંદ સ્વામીએ યજ્ઞમાં બલિદાન આપ્યું નહિ તેથી તમારા બાપા મરી ગયા. માટે તમે એને સજા કરો. નહિ તો તમારા કુળમાં કોઈ જીવતું નહિ રહે !'

સૂબો ગુસ્સે થઈ કહે : 'એણે મારા બાપને માર્યો, તો હું એને મારું !'

પછી એણે સહજાનંદ સ્વામીને મારવાની યુક્તિ કરી.

એણે પોતાના મહેલમાં જ એક ટાંકું તૈયાર કરાવ્યું, ને તેમાં ઊકળતું તેલ ભર્યું. પછી ટાંકાને લાકડાની પાતળી ચીપોથી અને કપડાથી ઢાંકી દઈ તેની ઉપર મહારાજ માટે સિંહાસન ગોઠવ્યું.

પછી મહારાજને નિમંત્રણ આપ્યું કે 'હું આપને માન આપવા માગું છું. મારે ત્યાં પધારો !'

મહારાજ પધાર્યા. એમને ક્યાં કોઈ દુશ્મન હતું ? એમને ક્યાં કોઈની સામે વેર હતું ?

સૂબાએ મહારાજને માન આપવાનો દેખાવ કરી પેલું ઊંચું સિંહાસન બતાવી કહ્યું : 'અહીં બિરાજો !'

મહારાજને કોઈ દુશ્મન નહિ એ વાત સાચી, પણ મહારાજ કોઈ

દુશ્મનની ચાલબાજીમાં ફસાય નહિ એ વાત પણ સાચી !

મહારાજે કહ્યું : 'અમને સાધુને આવું સિંહાસન ન શોભે, આપ જ એના પર બિરાજો !'

સૂબો કહે : 'હું આપને બાદશાહી માન આપવા માગું છું. આ સિંહાસન ખાસ આપના માટે જ છે.'

મહારાજે કહ્યું : 'હું એ જાણું છું. એટલે જ કહું છું કે આપ ત્યાં બિરાજો ! આપ જ ત્યાં શોભશો !'

આમ કહી મહારાજે સિંહાસનના પાયા આગળના ભાગ પર પોતાની લાકડી દબાવી; તરત કડુડુડુ ભૂસ કરતું આખું સિંહાસન ટાંકાના ઊકળતા તેલમાં જઈને પડ્યું, ને ઊકળતા તેલની વરાળો બહાર નીકળવા માંડી !

સૂબાનું કાવતરું ખુલ્લું પડી ગયું !

સૂબો ચાટ પડી ગયો !

પણ દુષ્ટ માણસ એમ સહેલાઈથી સમજે નહિ. એણે ગુસ્સે થઈ મહારાજને કહ્યું : 'આજ ને આજ અમદાવાદ છોડી જતા રહો ! ફરી કદી અહીં આવતા નહિ !'

મહારાજે શાંતિથી કહ્યું : 'ક્યાં સુધી ન આવું ?'

સૂબાએ રુઆબથી કહ્યું : 'પેશ્વાનું અહીં રાજ્ય છે ત્યાં સુધી !'

તે જ દિવસે મહારાજ અમદાવાદ છોડી ચાલ્યા ગયા. પણ પૂરા બાર



મહિનાયે થયા નહિ ને અમદાવાદમાંથી પેશ્વાઈ ઊઠી ગઈ. ક્યાં ગઈ તેનોયે પત્તો નથી !

આવા હતા મહારાજ !

એમને કોઈ દુશ્મન નહોતું, પણ કોઈ એમની દુશ્મનાવટ કરે તો શું થાય ? ભોગવે !

સ્વાધ્યાય

કોણ, કોને કહે છે તે જણાવો :

૧. 'અમને સાધુને આવું સિંહાસન ન શોભે !'

૨. 'એણે મારા બાપને માર્યો, તો હું એને મારું !'

ત્રણ લીટીમાં જવાબ આપો :

૧. વિરોધીઓએ સૂબાના કાન કેવી રીતે ભંભેર્યા ?

૨. સૂબાએ મહારાજને મારવા શું કાવતરું કર્યું ?

૩. મહારાજે સૂબાનું કાવતરું કેવી રીતે ખુલ્લું પાડ્યું ?

૨૩. 'આપણી શોભા વધી છે !'

મહારાજ વડતાલમાં હતા.

આણંદના હરિભક્તોએ આવીને વિનંતી કરી : 'મહારાજ, અમારે ત્યાં પધારો !'

મહારાજે કહ્યું : 'ભલે !'

હરિભક્તો ખુશ થયા, પણ આણંદમાં બીજા નાખુશ થયા.

મહારાજ પધાર્યા ત્યારે એ લોકોએ તોફાન કર્યું.

મહારાજની સવારી પર તેમણે છાણ નાખ્યું, ધૂળ ઉડાડી, કાંકરા, ઢેફાં ને ઈંટાળા નાખ્યાં. ગાળો દેવામાંયે કંઈ બાકી રાખ્યું નહિ.

મહારાજની સવારીમાં કાઠી દરબારો ઘણાં હતા. એ દરેકની પાસે તલવાર, બંદૂક કે ભાલો, કંઈ ને કંઈ હથિયાર હતું જ.

તોફાન જોઈ એમના હાથ હથિયાર ઉપર ગયા.

તરત મહારાજે એમની સામે જોયું.

આંખથી જ એમણે કહી દીધું કે કોઈએ સામો ઘા કરવાનો નથી !

કાઠી દરબારો બહુ તેજ મિજાજના હતા, પણ મહારાજની આમન્યા એમનાથી ઓળંગાઈ નહિ.

બધા મનમાં સમસમીને ચૂપ રહ્યા.

આ તોફાનને લીધે મહારાજ જમ્યા વગર જ આણંદથી પાછા વડતાલ આવ્યા.

રોજના નિયમ મુજબ સાંજે સભા ભરાઈ.

ત્યારે મહારાજે આણંદના બનાવને યાદ કરી કહ્યું : 'આજ આપણે કેવો ઈડરિયો ગઢ જીત્યો !'

કાઠી દરબારો કહે : 'શું ધૂળ જીત્યા ? ધૂળ ને ઢેફાં ખાધાં ! આના કરતાં તો અમારી લાશો ત્યાં પડી હોય તો અમે વધારે શોભત ! અમારી તો આબરૂ ગઈ !'

મહારાજ હસીને કહે : 'આબરૂ ગઈ નથી, વધી છે. આપણે સહન કર્યું ને સામા ન થયા, તેથી આપણી શોભા વધી છે !'

પછી મહારાજે કાઠી દરબારોને સમજાવ્યું કે સામાસામી મારામારી કરવાથી કાંઈ મારામારીનો અંત ન આવે ! એનાથી તો ઊલટાં વેરઝેર વધે ! માટે આપણે હંમેશાં શાંત રહેવું, કદીયે ઉશ્કેરાવું નહિ !

આવા હતા મહારાજ !

આગની પેઠે ઘડીકમાં ભભૂકી ઊઠે એવા લોકોનેય એમણે શાંત રહેવાનું શીખવ્યું હતું.

સ્વાધ્યાય

એક વાક્યમાં જવાબ આપો :

૧. આણંદમાં લોકોએ તોફાન કેવી રીતે કર્યું ?

૨. કાઠી દરબારોએ સામા ઘા કેમ કર્યા નહિ ?

૩. મહારાજ જમ્યા વગર શા માટે આણંદથી પાછા ફર્યા ?

૪. મહારાજે કાઠી દરબારોને શું સમજાવ્યું ?

કોણ, કોને કહે છે તે જણાવો :

૧. 'આજે આપણે કેવો ઈડરિયો ગઢ જીત્યા !'

૨. 'આબરૂ ગઈ નથી, વધી છે.'

૨૪. યજ્ઞ નહિ અટકે !

ડભાણમાં મહારાજ યજ્ઞ કરાવતા હતા.

યજ્ઞ માટે બહારગામથી ઘી આવવાનું હતું.

તે સમયસર આવ્યું નહિ.

એટલે બૂમ ઊઠી : 'ઘી ખૂટ્યું ! ઘી ખૂટ્યું !'

મહારાજના વિરોધીઓએ બુમરાણ મચાવ્યું.

યજ્ઞ તોડી પાડવાની એમને સરસ તક મળી ગઈ.

કોઠારીએ મહારાજને વાત કરી કે ઘી વિના યજ્ઞ અટકી પડશે.

મહારાજે કહ્યું : 'નહિ અટકે !'

કહી એ ઊભા થયા, ને કોઠારમાં આવ્યા.

કોઠારમાં બે કુંડી દેખાડી મહારાજે કહ્યું : 'આમાંથી ઘી આપવા માંડો !'

કોઠારીએ કહ્યું : 'એમાં તો થોડુંક જ ઘી છે !'

મહારાજે કહ્યું : 'તમ તમારે આપવા માંડો !'

કુંડીઓ નમાવી કોઠારીએ ઘી કાઢવા માંડ્યું - વાસણો ભરાતાં ગયાં, પણ કુંડીઓ ખાલી થઈ નહિ ! યજ્ઞમાં ઘીના ઘડેઘડા પહોંચવા માંડ્યા, બધા નવાઈ પામી ગયા. વિરોધીઓના હાથ હેઠા પડ્યા. કહે : 'મહારાજ જબરા જાદુગર છે ! એ ધારે તો તળાવના પાણીનું ઘી કરી દે !'

ધામધૂમથી યજ્ઞ પૂરો થયો.

આવા હતા મહારાજ !

એમની સામર્થીનો પાર નહોતો.

સ્વાધ્યાય

એક વાક્યમાં જવાબ આપો.

૧. યજ્ઞ કયા ગામમાં થયો હતો ?

૨. મહારાજે યજ્ઞ ચાલુ રાખવા શું સામર્થી વાપરી ?

૨૫. ભક્તોને તેડવા આવે !

ભક્તો પર મહારાજની દયાનો પાર નહોતો.

જીવતાં મહારાજની દયા અને મરતી વખતે પણ મહારાજની દયા. ભક્તના મરણ વખતે મહારાજ એને દર્શન આપે.

મહારાજ એના જીવને પોતાના ધામમાં તેડી જાય.

મહારાજનું ધામ એટલે અક્ષરધામ.

મહારાજ પૃથ્વી પર વિચરતા હતા, ત્યારે પણ આવું બનતું.

અમદાવાદમાં પ્રાણવલ્લભ કરીને એક બ્રાહ્મણ ભક્ત હતો.

તે મરણ પામ્યો ત્યારે મહારાજ એને તેડવા ગયા.


એના જીવને લઈ જતાં મહારાજે પૂછ્યું : 'તારી કોઈ ઇચ્છા છે ?'

બ્રાહ્મણે કહ્યું : 'આપ મને ધામમાં લઈ જવા સારુ તેડવા આવ્યા છો એ મારે બધાને કહેવું છે.'

મહારાજે કહ્યું : 'ભલે, તો જા, તને ફરી જીવતો કરું છું.'

તે વખતે બ્રાહ્મણનું શબ ચિતા પર હતું, ને અગ્નિ મુકાય એટલી જ વાર હતી. અચાનક બ્રાહ્મણ ચિતા પર બેઠો થઈ ગયો ને બોલવા લાગ્યો : 'હું તમને કહેવા આવ્યો છું કે મહારાજ મને એમના ધામમાં લઈ જવા સારુ તેડવા આવ્યા છે !'

આમ કહી તેણે સ્વામિનારાયણ મંત્રની ધૂન કરવા માંડી.



બ્રાહ્મણો પર એની એટલી બધી અસર થઈ કે બધાય એની સાથે ધૂન બોલવા લાગ્યા. સ્મશાન જાણે મંદિર બની ગયું !

ધૂન પૂરી થતાં બ્રાહ્મણનો જીવ ચાલ્યો ગયો !

આવા હતા મહારાજ !

ભક્તો પર તેમને અપાર પ્રેમ હતો.

આજે પણ મહારાજ ભક્તોને એમના અંતકાળે તેડવા આવે છે.

સ્વાધ્યાય

વાક્ય ખરું કે ખોટું જણાવો :

૧. ભક્તોને જીવતાં મહારાજની દયા મળતી, મરતી વખતે નહોતી મળતી.

૨. મહારાજનું ધામ એટલે અક્ષરધામ નહિ.

૩. પ્રાણવલ્લભ મરણ પામ્યો ત્યારે મહારાજ એને તેડવા ગયા.

૪. આજે મહારાજ ભક્તોને અંતકાળે તેડવા આવતા નથી.

૨૬. ગધેડાની ગાય !

જોબન પગી નામે ચોર-લૂંટારાઓનો એક સરદાર હતો.

એનું નામ પડતાં પોલીસ પણ બીએ !

ચીભડું ચીરવું ને માણસ મારવો બેઉ એને મન સરખાં.

એણે સાંભળ્યું કે મહારાજ પાસે એક ફક્કડ ભૉંદૉં છે. ઉંમ્ઘો ઘોડૉં એનું નામ !

મનોમન એણે નક્કી કર્યું કે હું એ ભૉંદૉં ચોરી જાઉં !

મહારાજ તે વખતે ડભાણમાં યજ્ઞ કરાવતા હતા.

જોબન પગી ચોરીછૂપીથી રાતે ભૉંદૉં ચોરવા ગયો. પણ જુએ તો મહારાજ ભૉંદૉંની પાસે ઊભા હતા, ને ભૉંદૉં પર હાથ ફેરવતા હતા !

એ પાછો ફરી ગયો. વળી, કલાક-બે કલાક રહીને ગયો.

જોયું તો મહારાજ ભૉંદૉંને ખરેરો કરતા હતા.

આમ, જેટલી વાર એ ભૉંદૉં ચોરવા ગયો એટલી વાર મહારાજ ભૉંદૉંની પાસે ને પાસે દેખાયા !

જોબન કહે : 'કાલે વાત !'



બીજી રાત્રે જોબન ફરી ÓÏÍDÍ ચોરવા ગયો. તો આજે પણ ÓÏÍDÍની પાસે મહારાજ ઊભેલા. આખી રાત આમ વીતી ગઈ.

ત્રીજી રાત પણ એમ જ વીતી !

જોબનને થયું કે મહારાજ કદી ઊંઘતા જ નહિ હોય શું ? કે પછી લોકો વાતો કરે છે એવા એ જાદુગર છે ? જાદુગર હોય તો મારે એમની પરીક્ષા કરવી.

આમ વિચાર કરી, એણે મનથી નક્કી કર્યું કે મહારાજ મને જોતામાં ઓળખી કાઢી મારું નામ દઈ મને બોલાવે, હું અહીં કેમ આવ્યો છું તે કહી આપે અને મને પોતાની ડોકમાંથી કાઢીને માળા આપે તો હું સમજું કે ખરા સમર્થ છે !

મહારાજ હરિભક્તોની સભામાં બિરાજ્યા હતા. ત્યાં જોબન પગી એમના સામે જઈ ઊભો. તરત જ મહારાજે કહ્યું : 'આવો જોબન પગી !આંખો આવી લાલઘૂમ કેમ છે ? ત્રણ રાતના ઉજાગરા છે એટલે ? GÍ¼Í ન લેવાÓÍ, તો બીજા ઘોડાયે ન લેવાયા ?

જોબનનું નામ સાંભળી સભામાં બેઠેલા કાઠી દરબારોએ તલવારો પર હાથ દીધા. મહારાજે હસીને કહ્યું : 'જોબન પગી અત્યારે લૂંટફાટ કરવા નથી આવ્યા, સત્સંગી થવા આવ્યા છે.'

પછી મહારાજે પોતાના ગળામાંથી ગુલાબની માળા ઉતારી જોબન

પગીને આપી !

જોબનની ત્રણે વાતનો જવાબ મળી ગયો. જોબને પાઘડું ઉતારી મહારાજના પગમાં મૂક્યું ને કહ્યું : 'મહારાજ ! હવે આપ ધણી, હું ચાકર !'

લૂંટારો જોબન પગી જોબન ભગત બની ગયો. જેના માથા સાટે ઇનામો નીકળ્યાં હતાં તે જોબન પગીએ હાથમાં માળા પકડી !

મહારાજના આ અજબ ચમત્કારની વાત સાંભળી વડોદરાના મહારાજા એવા ખુશ થયા કે તેમણે જોબન પગીને વર્ષાસન બાંધી આપ્યું.

એક વાર જોબન પગી વર્ષાસન લેવા પેટલાદની કચેરીમાં ગયા હતા. ત્યાં કારકુને જોબન ભગતને મજાકમાં કહ્યું : 'ભગત, શું તમારા સ્વામિનારાયણ ગધેડાની ગાય કરી શકે છે ?'

જોબન ભગત જરાય ઉશ્કેરાયા નહિ. તેમણે શાંતિથી કહ્યું : 'કરે જ છે તો ! મારા જેવા ચોર-લૂંટારાના હાથમાં માળા પકડાવી એ ગધેડાને ગાય કરી કે બીજું કંઈ ? આથી મોટો કયો ચમત્કાર તમારે જોવો છે ?'

કારકુને કાનની બૂટ પકડી.

આવા હતા મહારાજ !

એમના સ્પર્શથી ગધેડા જેવા માણસો ગાય જેવા સંત બની જતા.

સ્વાધ્યાય

કોણ, કોને કહે છે, તે જણાવો :

Q॥ 'હવે આપ ધણી, હું ચાકર.'

R॥ 'શું તમારા સ્વામિનારાયણ ગધેડાની ગાય કરી શકે છે ?'

S॥ 'ÚÍ¼Í ન લેવાÚÍ, તો બીજા ઘોડાયે ન લેવાયા ?' **ત્રણ લીટીમાં સમજાવો :**

Q॥ ÍÍÐÍની ચોરી કરતાં જોબન પગીને શો અનુભવ થયો ?

R॥ જોબન પગીએ મહારાજની પરીક્ષા કરવા ક્યા સંકલ્પો કર્યા ?

27. મહારાજના સાધુઓ

મહારાજના સાધુઓ પૈસાને અડે નહિ.

મહારાજના સાધુઓ વિનયવિવેકથી વાત કરે, લડે-ઝઘડે નહિ, ગાળા-

ગાળી કરે નહિ, ગાંજો-ભાંગ પીએ નહિ, અરે ! છીંકણી પણ સૂંઘે નહિ !

મહારાજના સાધુઓ ભિક્ષામાં જે મળે તે ખાઈ લે. મહારાજના સાધુઓ જીભનો સ્વાદ કરે નહિ.

મહારાજના સાધુઓ ધ્યાન કરે, પૂજાપાઠ કરે, ભગવાનનું નામ લે અને સત્સંગનું કામ કરે.

મહારાજના સાધુઓ બહુ ભલા. જાતે દુઃખ વેઠે, પણ કોઈને દુઃખી થવા ન દે !

મહારાજના સાધુઓ આવા ભલા, પણ બાવા વેરાગીઓને આ સાધુઓ ગમે નહિ. બાવા વેરાગીઓ ચેલાચેલીઓ લઈને ફરે, લોકોને બિવડાવે, ગાળાગાળી કરે, મારામારીયે કરે, ગાંજો ફૂંકે, ભાંગ રગડે. જેવા ઘમંડી તેવા જ ક્રોધી !

એક વાર મહારાજના એક સાધુને એક બાવાએ માર્યા. મારતાં મારતાં બાવાની લાકડી ભાંગી ગઈ તોયે બાવો મારતો અટકે નહિ.

મહારાજના સાધુ માર ખાઈ લે, પણ સામો હાથ ઉગામે નહિ.

કેટલાક માણસોએ આ જોયું. તેમણે બાવાને વઢીને કાઢી મૂક્યા, ને મહારાજના સાધુને છોડાવ્યા.

પછી પૂછ્યું : 'બહુ વાગ્યું છે ?'

મહારાજના સાધુ કહે : 'ના....રે, આ શરીરને થોડું વાગ્યું છે, મને કંઈ



વાગ્યું નથી !'

પછી કહે : 'પણ મને મારતાં બાવાજીની લાકડી ભાંગી ગઈ એ સારું ન થયું.'

આવા હતા મહારાજના સાધુ ! દુશ્મન ઉપર પણ એ દયા કરે !

☆

મહારાજના એક સાધુ હતા.

તેમને જોઈ એક વાર એક બાવો ગુસ્સે થઈ ગયો. તેણે પગમાંથી ખાસડું કાઢી સાધુને છૂટું માર્યું.

મહારાજના સાધુએ ખાસડું લઈને પાછું બાવાને આપ્યું. કહે : 'ખાસડાં વિના તમને ચાલવાની તકલીફ પડશે !'

આ વિનય-વિવેકમાં બાવો કંઈ સમજ્યો નહિ. એ વધારે ગુસ્સે થયો. ને ફરી ખાસડું લઈ સાધુને મારવા લાગ્યો.

તોયે સાધુ શાંત રહ્યા.

હવે લોકો સાધુની મદદે દોડી આવ્યા. તેમણે બાવાને ઠપકો આપ્યો ને એને ગામમાંથી કાઢી મૂક્યો.

આવા હતા મહારાજના સાધુ !

ખાસડું મારે તેના પર પણ ગુસ્સે ન થાય !

☆

મહારાજના એક સાધુ. નામ બ્રહ્માનંદ સ્વામી.

એક વાર કેટલાક સાધુઓની સાથે તેઓ જતા હતા.

ત્યાં રસ્તામાં બાવા-વેરાગીઓએ એમના પર હુમલો કર્યો.

તેમાં એક બાવાની પાસે તલવાર હતી. તલવાર નીચે પડી ગઈ.

એ જોઈ સ્વામી બાવાઓને કહે : 'તમારી તલવાર લઈ લો ! મારા સાધુઓમાં કેટલાક ક્ષત્રિય છે. તલવાર જોઈ એમનું લોહી ઊકળી આવશે તો તમારા બે-પાંચનાં માથાં વઢાઈ જશે !'

ત્યારે બાવાઓ કહે : 'અમે મરવાથી બીતા નથી !'

સ્વામીએ કહ્યું : 'તમે મરો એની મને બીક નથી પણ મારી બીક તો બીજી છે ! અમે મારામારીમાં ઊતરીએ તો અમારું સાધુપણું લાજે ! એટલે હું તમને તમારી તલવાર પાછી આપું છું !'

આવા હતા મહારાજના સાધુઓ !

ભૂલેચૂકેય ગુસ્સે ન થઈ જવાય તેની તેઓ કાળજી રાખતા હતા.

☆

બાવા વેરાગીઓ લોકોને ઉશ્કેરતા ને મહારાજના સાધુઓને હેરાન કરતા. એમને ગાળ દે, અપમાન કરે, મારે-પીટે એ તો ઠીક, પણ એમની કંઠી તોડી નાખે, જનોઈ ખેંચી કાઢે, એમની પૂજા ફેંકી દે, એમની પાછળ બાવીઓ દોડાવે, બાવી અડકી જાય તો મહારાજના સાધુને ઉપવાસ કરવો પડે ને !

પણ મહારાજની એક જ આજ્ઞા : 'સાધુએ બધું સહન કરવાનું છે. સહન કરીને બીજાનું કલ્યાણ કરવાનું છે. માટે હે મારા સાધુઓ, ક્ષમા છોડશો નહિ, ધીરજ છોડશો નહિ, હતાશ થશો નહિ !'

આવા હતા મહારાજના સાધુઓ !

મહારાજની આજ્ઞા કદી લોપે જ નહિ.

સ્વાધ્યાય

વાક્ય ખરું કે ખોટું તે જણાવો :

૧. મહારાજના સાધુ પૈસા રાખતા.

૨. મહારાજના સાધુ જાતે દુઃખ વેઠે નહિ.

૩. મહારાજના સાધુ દુશ્મન પર દયા કરે.

૪. મહારાજના સાધુ મહારાજની આજ્ઞા કદી લોપે જ નહિ.

૫. મહારાજના સાધુ ગુસ્સે થઈ જાય.

૬. સાધુએ મારનાર બાવાને તૂટેલી લાકડી પાછી આપી.

ટૂંકમાં જણાવો :

૧. બાવા વેરાગીઓ મહારાજના સાધુને કેવી રીતે હેરાન કરતા ?

૨. બ્રહ્માનંદ સ્વામીએ બાવાને તલવાર લઈ લેવા કહ્યું.

૩. મહારાજની સાધુને શી આજ્ઞા હતી ?

૨૮. અગવડ દેખો ત્યાં મુકામ કરજો !

સાધુઓને મહારાજની આજ્ઞા :

'જ્યાં ઘણી અગવડ દેખો, ત્યાં મુકામ કરજો !'

સાધુઓની એક મંડળી અમદાવાદ આવી. ગામ બહાર દરિયાખાનના ઘુંમટ પાસે ભૂતિયા આમલીઓનું ઝૂંડ હતું ત્યાં મુકામ કર્યો.

સાથે નહિ પાથરવાનું, નહિ ઓઢવાનું ! બધા જમીન પર પડી રહે ને સ્વામિનારાયણ મંત્રની ધૂન કરે !

ગામમાં ભિક્ષા માગવા જાય. કોઈ વાર મળે, કોઈ વાર ન મળે ! અને રોટલો, ખીચડી કે દાળ જે તે બધું ભેગું કરી, તેનો ગોળો વાળી બધા વહેંચીને ખાય ! ઘણી વાર સાવ ભૂખ્યા રહેવું પડે ! અર્ધભૂખ્યા તો દરરોજ !

એક વાર મહારાજના આ સાધુઓ ઝાડ હેઠળ બેઠાં બેઠાં જપ કરતા હતા ત્યાં ઉપરથી સાપ પડ્યો ! મહારાજની આજ્ઞા કે કોઈ કાપી નાખે તોયે ધ્યાનમાંથી ખસવું નહિ ! બધા એમ ને એમ બેસી રહ્યા. સાપ એક સાધુના પગ ઉપર ચડ્યો, પછી બીજાના હાથ ઉપર ચડ્યો, પછી ત્રીજાના પગ ઉપર થઈને ચોથાના સાથળ પર ચડ્યો ! પણ સાધુઓના જપમાં ભંગ પડ્યો નહિ. સાપ એની મેળે દરમાં ચાલ્યો ગયો !

નગરમાંથી કેટલાક વાણિયાઓ ત્યાં ફરવા આવેલા. તેમણે આ જોયું. સાધુઓ સાપથી ડર્યા નહિ અને સાપ સાધુઓને કરડ્યો નહિ. એ જોઈ તેઓ દંગ થઈ ગયા ! તેમને થયું : 'આનું નામ સાધુ ! સાધુસેવા કરવી હોય તો આવા સાધુઓની કરવી જોઈએ.'

ખુશ થઈ તેમણે સાધુઓને જમાડ્યા ને સત્સંગ કર્યો.

☆

સાધુઓની આવી જ એક ટુકડી જામનગર ગઈ હતી. ભિક્ષામાં રોટલા-ખીચડી જે મળે તે બધું ભેગું કરી વહેંચીને ખાય, પણ ભાગ્યે જ કદી પેટ ભરાય ! કાછિયાઓ નદીમાં શાકભાજી ધોતી વખતે પાકાં પાંદડાં કાઢી નાખતા. સાધુઓ એ વીણી લાવી ભિક્ષા ભેગાં ચોળીને ખાતા ! નદી-તળાવની લીલ-શેવાળ લાવીનેય ખાતા !

આમ, એમના દિવસો જતા હતા ત્યાં એક વાર જામનગરના મહારાજ એમને જોઈ ગયા. તેમને નવાઈ લાગી કે સાધુ તો તગડા હોય, ને આ સાધુ આવા સુકાયેલા કેમ ? તેમણે હુકમ કર્યો કે રોજ તમારે મારા મહેલમાં ભિક્ષા લેવા પધારવું !

સાધુઓએ કહ્યું : 'અમને તો ઘેરઘેરથી જે ભિક્ષા મળે એ જ ખરી !'

ત્યારે રાજાએ ગામમાં ઠેકઠેકાણે પોતાના માણસો બેસાડી દીધા, ને આ સાધુઓને રોજ સારી ભિક્ષા મળે એવો બંદોબસ્ત કર્યો.

હવે સાધુઓને ગામમાંથી સારી ને પૂરતી ભિક્ષા મળવા માંડી. પણ મહારાજની તો આજ્ઞા હતી કે જ્યાં ઘણી અગવડો દેખો ત્યાં રહેજો, અને અહીં તો બધી સગવડો જ સગવડો છે ! સાધુઓ કહે : 'જ્યાં આવું માન મળે, ખાનપાન મળે ત્યાં આપણાથી રહેવાય નહિ !'

સાધુઓ બીજે ચાલી નીકળ્યા.

આવા હતા મહારાજના સાધુઓ !

તેઓ રાજીખુશીથી પોતાના માથે દુ:ખ માગી લેતા.

સ્વાધ્યાય

એક વાક્યમાં જવાબ આપો :

૧. સાધુઓને મહારાજની શી આજ્ઞા હતી ?

૨. અમદાવાદમાં સાધુઓની મંડળીએ કયાં મુકામ કર્યો ?

૩. નગરના વાણિયાઓને સાધુઓને જોઈ શો ગુણ આવ્યો ?

૪. સાધુઓને જોઈ જામનગરના મહારાજાને શી નવાઈ લાગી ?

૫. સાધુઓ શા માટે જામનગરથી ચાલી નીકળ્યા ?

ત્રણ લીટીમાં લખો :

૧. ઝાડ નીચે જપ કરતા સાધુઓને શું થયું ?

૨. જામનગરમાં સાધુઓ શું ખાતા ?

૨૯. 'શિક્ષાપત્રી' એટલે દર્પણ

મહારાજ એક વાર બીમાર હતા.

મુક્તાનંદ સ્વામી એમની સેવામાં હતા.

મહારાજની માંદગી જોઈ મુક્તાનંદ સ્વામીનો આનંદ મરી ગયો હતો.

તેમની આંખોમાં આંસુ આવી ગયાં.

તેમણે રડતાં રડતાં કહ્યું : 'મહારાજ, સાજા થઈ જાઓ ! અને આપના ઉપદેશના સારરૂપ એક ગ્રંથ અમને આપો !'

મહારાજ એકદમ ઉત્સાહમાં આવી ગયા. કહે : 'આ વાત સાચી કહી !

મારે સંતો-હરિભક્તો, સૌને ખપ લાગે તેવો એક ગ્રંથ લખવો છે. દર્પણમાં જેમ મોં જોવાય તેમ આ ગ્રંથ વાંચવાથી માણસ પોતે કેવો છે તે જાણશે અને કેમ બોલવું, કેમ ચાલવું તે શીખશે !'

જૂનો ડગલો ઉતારે તેમ મહારાજે મંદવાડને ઝાટકો મારી દૂર ફગાવી દીધો.

પછી વડતાલમાં મહારાજ ગ્રંથ લખવા બેઠા.

એ ગ્રંથનું નામ 'શિક્ષાપત્રી.'

ગૃહસ્થોને અને બ્રહ્મચારીઓને, સાધુઓને અને આચાર્યોને, સ્ત્રીઓને અને પુરુષોને જે કહેવું છે તે મહારાજે એ ગ્રંથમાં કહ્યું છે.

આ ગ્રંથ બહુ નાનો છે, પણ એનો એક-એક બોલ મહાકીમતી છે.

આ ગ્રંથ એકલા ગુજરાતીઓ માટે નથી, એકલા હિંદુઓ માટે પણ નથી, આખી દુનિયા માટે છે.

આ ગ્રંથ એકલા સ્વામિનારાયણીઓ માટે પણ નથી, દુનિયાના તમામ લોકો માટે છે.

મહારાજે એમાં એવું શું લખ્યું છે ? કહું ? તો સાંભળો !

મહારાજ 'શિક્ષાપત્રી'માં કહે છે :

કદી પણ કોઈ જીવની હિંસા કરવી નહિ !

દારૂ પીવો નહિ !

રજા વગર ફૂલ-ઈંધણ પણ લેવાં નહિ !

કોઈની નિંદા કરવી નહિ કે સાંભળવી નહિ !

બીડી-તમાકુ કે ગાંજો-ભાંગ લેવાં નહિ !

જાહેર જગાએ થૂંકવું નહિ !

પોતાનાં વખાણ પોતે કરવાં નહિ !

કોઈનું અપમાન કરવું નહિ !

અંગ દેખાય તેવું વસ્ત્ર પહેરવું નહિ !

સૂર્ય ઊગ્યા પહેલાં ઊઠીને નહાઈ-ધોઈ ભગવાનનું નામ લેવું !

માતા-પિતા, ગુરુ અને બીમારની સેવા કરવી !

ઊપજ પ્રમાણે જ ખર્ચ કરવું !

લખત કર્યા વિના લેવડદેવડ કરવી નહિ !

છેલ્લે મહારાજે લખ્યું છે : 'આ શિક્ષાપત્રી પ્રમાણે જે વર્તશે તે આ લોક ને પરલોકમાં સુખી થશે.'

આવા હતા મહારાજ !

બધાને સુખી કરવાનું જ તેમને તાન !

સ્વાધ્યાય

વાક્ય ખરું કે ખોટું તે જણાવો :

૧. શિક્ષાપત્રી ફક્ત સ્વામિનારાયણીઓ માટે જ છે.

૨. શિક્ષાપત્રીમાં કહ્યું છે : બીડી-તમાકુ કે ગાંજો-ભાંગ લેવાં.

૩. શિક્ષાપત્રીમાં કહ્યું છે : સૂર્ય ઊગ્યા પછી નહાઈ-ધોઈ ભગવાનનું નામ લેવું.

૪. શિક્ષાપત્રીમાં કહ્યું છે : માતા, પિતા, ગુરુ અને બીમારની સેવા કરવી.

એક વાક્યમાં જવાબ આપો :

૧. મહારાજે શિક્ષાપત્રી ક્યાં લખી ?

૨. શિક્ષાપત્રી મહારાજે કોના કોના માટે લખી છે ?

૩. શિક્ષાપત્રી કોના માટે છે ?

૪. શિક્ષાપત્રીમાં છેલ્લે મહારાજે શું લખ્યું ?

૩૦. ધામમાં ગયા !

મહારાજ દર વર્ષે વડતાલ જતા.

મહારાજ વડતાલ આવે ત્યારે ત્યાં ગામેગામથી હજારો માણસો એમનાં દર્શન કરવા આવતા.

પણ આ વર્ષે મહારાજ વડતાલ ગયા નહિ.

એક દિવસ સંતો-હરિભક્તોને બોલાવી એમણે કહ્યું : 'અમારું કામ હવે પૂરું થઈ ગયું છે. હવે અમે અમારા ધામમાં જઈશું !'

મહારાજનું ધામ એટલે અક્ષરધામ.

કેટલાકને તો આ સાંભળીને મૂર્છા આવી ગઈ, કેટલાક ધ્રુસકે ધ્રુસકે રોવા લાગ્યા.

ગામોગામ સમાચાર પહોંચી ગયા કે મહારાજ હવે ધામમાં જવાનું કરે છે, એટલે દૂરદૂરનાં ગામોમાંથી ભક્તો મહારાજનાં દર્શન કરવા આવવા લાગ્યા.

મહારાજે ખાવાપીવાનું છોડી દીધું.

ગુણાતીતાનંદ સ્વામી તે વખતે જૂનાગઢમાં હતા.

મહારાજે કહ્યું : 'એમને બોલાવો !'

ગુણાતીતાનંદ સ્વામીને જૂનાગઢમાં આ સંદેશો મળ્યો કે તરત તેઓ બેઠા હતા ત્યાંથી ઊઠીને ગઢડાની વાટ પકડી. ક્યાંય થાક ઉતારવાયે રોકાયા નહિ. ગઢડા આવીને સીધા મહારાજનાં દર્શન કરવા ગયા. આવા મંદવાડમાં પણ મહારાજ એમને વહાલથી ભેટ્યા, ને એમની સાથે પ્રેમથી વાતો કરી ને કહ્યું : *'મીઠા વ્હાલા કેમ વિસરું મારું, તમથી બાંધેલ તન હો...'*



સંવત ૧૮૮૬, જેઠ સુદ દશમ, મંગળવાર, તા. ૧-૬-૧૮૩૦.

બપોર થવા આવ્યા છે.

મહારાજ બાજઠ ઉપર આસન વાળી બેઠા.

બેઠા એવા જ તેમણે શરીરનો ત્યાગ કર્યો.

તરત જ ભક્તોએ ધૂન શરૂ કરી દીધી.

મહારાજના દેહને ગંગાજળથી સ્નાન કરાવી સુંદર ધોળાં વસ્ત્રો પહેરાવ્યાં. ગળામાં ફૂલના હાર !

સૌએ મહારાજની આરતી ઉતારી, પછી તેમને પાલખીમાં પધરાવ્યા. પાલખી લઈને સૌ સંતો ને હરિભક્તો ધૂન કરતાં, ભજન કરતાં, મહારાજનો જેજેકાર કરતાં ચાલ્યા. ભીડનો પાર નહિ ! સૌ લક્ષ્મીવાડીએ આવ્યા.

છેલ્લે, ચંદનની ચિતામાં મહારાજનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો.

મહારાજની અવતાર-લીલા પૂરી થઈ.

પણ મહારાજના અવતારનું જે કાર્ય તે ચાલતું જ રહ્યું. ગુણાતીતાનંદ સ્વામી, પ્રાગજી ભક્ત, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ દ્વારા એમની જ્યોત જલતી જ રહી !

આજે પણ એ જ્યોત નવખંડ પૃથ્વીને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ દ્વારા અજવાળું આપી રહી છે !

સ્વાધ્યાય

એક વાક્યમાં જવાબ આપો :

૧. મહારાજે જૂનાગઢથી કોને બોલાવ્યા ?

૨. મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને પ્રેમથી વાત કરી શું કહ્યું ?

૩. મહારાજ ક્યારે અને ક્યાં ધામમાં ગયા ?

૪. મહારાજનો અગ્નિસંસ્કાર ક્યાં કર્યો ?

૫. મહારાજની જ્યોત આજે કોના દ્વારા અજવાળું આપી રહી છે ?

વિભાગ - બ

૧. વેદો આપણને શું શીખવે છે ?

માતૃ દેવો ભવ	-	માતાને દેવ માન.
		માતાની આજ્ઞા પાળ.
પિતૃ દેવો ભવ	-	પિતાને દેવ માન.
		પિતાની આજ્ઞા પાળ.
આચાર્ય દેવો ભવ	-	ગુરુને દેવ માન.
		ગુરુની આજ્ઞા પાળ.
અતિથિ દેવો ભવ	-	અતિથિને દેવ માન.
		અતિથિની આજ્ઞા પાળ.
સત્યમ્ વદ	-	સાચું બોલ.
ધર્મમ્ ચર	-	ધર્મનું આચરણ કર.

સ્વાધ્યાયાન્ મા પ્રમદ : - અભ્યાસમાં આળસ ન કર.

ઘોષણા

ધર્મ કી	-	જય હો.
અધર્મ કા	-	નાશ હો.
વિશ્વ કા	-	કલ્યાણ હો.
પ્રાણિયોં મેં	-	સદ્‌ભાવના હો.

સ્વાધ્યાય

અ ને બ યોગ્ય રીતે જોડો :

અ	બ
આચાર્ય દેવો ભવ.....	કલ્યાણ હો

સત્યં વદ....	માતાને દેવ માન
સ્વાધ્યાયાન્ મા પ્રમદ :....	નાશ હો
વિશ્વ કા....	ગુરુને દેવ માન
અધર્મ કા....	સાચું બોલો
માતૃ દેવો ભવ....	અભ્યાસમાં આળસ ન કર

૨. અભ્યાસ

પ્રમુખસ્વામી મહારાજ ઘણી બધી પધરામણી કરીને પોતાને ઉતારે બેઠા હતા. યુવકો સ્વામીશ્રીના પગ દાબતા હતા. તેવામાં એક બાળક આવ્યો. તેને પણ સેવા કરવાનું મન થઈ ગયું. બાળક સેવા કરવા લાગ્યો.

બાળક અભ્યાસ કરવામાં આળસ રાખતો હતો. આ વાત સ્વામીશ્રી જાણતા હતા. તેથી કહ્યું : 'તું અભ્યાસ કર તે મારી સેવા છે. તને પગ તો પાંચેક મિનિટ દાબવા મળે, પણ તું એક કલાક અભ્યાસ કર તો મારી તેં એક કલાક સેવા કરી, તું રોજ બે કલાક અભ્યાસ કર તો મારી બે કલાક સેવા કરી એમ હું માનીશ. મારો બધો થાક ઊતરી જશે. તું રોજ ત્રણ કલાક અભ્યાસ કર તો તેં ત્રણ કલાક મારી સેવા કરી છે — એમ મને થશે અને તને જોઈને જ મારી તબિયત સારી થઈ જશે.'

જે સારી રીતે ભણે તે સ્વામીને ગમે.

જે સારી રીતે ભણે તે શ્રીજીને ગમે.

ભણ્યા વગર કોણ આગળ આવે ?

ભણ્યા વગર કોણ સુખી થાય ?

ભણ્યા વગર કોણ મહાન બને ?

કોઈ નહિ.

અભ્યાસથી જ સુખી થવાય, અભ્યાસથી જ સૌના પ્રિય બનાય.

જે શીખે તે ડાહ્યો.

જે શીખે અને તેના પર વિચાર કરે તે ડાહ્યો.

જે શીખે અને સમજવાની કોશિશ કરે તે ડાહ્યો.

ભણવું તે કંઈ અઘરું નથી.

આપણને જે કંઈ શિખવાડે તેના પર ધ્યાન આપવું. વિચાર કરવો. ન

આવડે તો પૂછવું : 'આ શું ? આમ કેમ ?' ફરીથી પૂછવું : 'ક્યારે થયું ? કેવી રીતે થયું ?' અને કહે તે ધ્યાનથી સાંભળવું. વળી, વિચાર કરવો : 'ક્યાં થયું ? કોણે કર્યું ?'

આમ પૂછતાં પૂછતાં, લખતાં લખતાં, વાંચતાં વાંચતાં, વિચારતાં વિચારતાં, મહેનત કરતાં ઝટ આવડી જાય ! દરરોજ જે નવું શીખ્યા હોઈએ તે સાંજે વાંચી જ લેવું. અઠવાડિયાના અંતે ફરીથી અઠવાડિયાનું વાંચી લેવું. જે શીખ્યા તેનો ઉપયોગ કરવો. આમ, અભ્યાસ કરવો.

અભ્યાસ રોજ કરવો.

અભ્યાસ એક ધ્યાનથી કરવો.

અભ્યાસ ઉમંગથી કરવો.

સ્વાધ્યાય

ટૂંક નોંધ લખો (આશરે આઠ લીટીમાં) :

૧. પ્રમુખસ્વામી કહે : 'તું રોજ બે કલાક અભ્યાસ કર તો મારી બે કલાક સેવા કરી એમ હું માનીશ.'

૨. અભ્યાસ કેવી રીતે કરવો ?

૩. કીર્તન

એકડે એક, શ્રીજીની રાખો ટેક, મારા બંધુ કલ્યાણ લેવું સહેલ છે....
બગડે બેય, શ્રીજીનું નામ લેય....મારા બંધુ
ત્રગડે ત્રણ, શ્રીજીનું લે શરણ....મારા બંધુ
ચોગડે ચાર, શ્રીજીને નમસ્કાર....મારા બંધુ
પાંચડે પાંચ, ભક્તિમાં નાવે આંચ....મારા બંધુ
છગડે છય, શ્રીજીની બોલો જય....મારા બંધુ
સાતડે સાત, છે બ્રહ્મ હમારી જાત....મારા બંધુ
આઠડે આઠ, મૂકી દે જગનો ઠાઠ....મારા બંધુ
નવડે નવ, તરી જા તું આ ભવ....મારા બંધુ
એકડે મીંડે દસ, અધર્મમાંથી ખસ....મારા બંધુ
એવી રીતે ભજાય, તો અક્ષરધામમાં જવાય....મારા બંધુ

સ્વાધ્યાય

કીર્તન પૂરું કરો :

૧. બગડે બેય..... શ્રીજીને નમસ્કાર.

૨. નવડે નવ..... અક્ષરધામમાં જવાય.

૪. ભગવાન છે જ

તમને કોઈ એમ કહે કે 'ઈશ્વર ક્યાં છે ?' તો એને માત્ર એટલું જ પૂછજો કે 'ઈશ્વર ક્યાં નથી ?'

મોરનાં પીછાં અને પતંગિયામાં રંગ પૂરનાર ચિત્રકાર કોણ ? પોપટના ગળામાં મીઠું મીઠું બોલનાર અને કોયલના કંઠમાં રહીને મધુરું ગાનાર કોણ ? આ ચિત્રકાર, આ ગાનાર ભગવાન છે.

ભગવાન આકાશમાંથી વરસાદ વરસાવે છે. બીજમાંથી સુંદર મજાનું વૃક્ષ બનાવે છે. વૃક્ષમાંથી ફળ થાય છે. આમ ભગવાન તેમના કાર્ય વડે જણાય છે.

ભગવાન ક્યાં છે ?

ભગવાન તમારામાં છે. ભગવાન દરેક મનુષ્યમાં છે. ભગવાન દરેક જીવંત પ્રાણીમાં છે. ભગવાન બધે જુએ છે. ભગવાન બધું જાણે છે. ભગવાનમાં બધી શક્તિ છે. ભગવાન બધાના ઉપરી છે. ભગવાન અંતિમ ધ્યેય છે.

એ ભગવાન કોણ ?

ભગવાન આપણને સુખ આપવા માટે અને અધર્મનો નાશ કરીને ધર્મનું સ્થાપન કરવા માટે સમયે સમયે આ પૃથ્વી ઉપર અવતાર ધારણ કરે છે. એ રીતે રામ, કૃષ્ણ વગેરે ભગવાનના ઘણા અવતારો થઈ ગયા.

આશરે ૨૦૦ વર્ષ પહેલાં સર્વોપરી ભગવાન સ્વામિનારાયણનો અવતાર આ પૃથ્વી ઉપર થયો, જેઓ સહજાનંદ સ્વામી તરીકે ઓળખાયા.

ભગવાનની એ દયા છે કે તેઓ આ પૃથ્વી ઉપરથી કદી જતા જ નથી. એવા સાચા સંતો દ્વારા પોતે હંમેશાં પ્રગટ જ રહે છે. આજે પ્રમુખ સ્વામી મહારાજ એવા સાચા સંત છે. જેમના અંગેઅંગમાં ભગવાન રહ્યા છે. તેથી



તેમની સાથે હેત કરવાથી ભગવાનમાં હેત થાય છે, ભગવાનનાં દર્શન થાય છે. ભગવાનનો અનુભવ થાય છે.

સ્વાધ્યાય

ત્રણ લીટીમાં જવાબ આપો :

૧. ભગવાન પોતાના કાર્ય વડે કેવી રીતે જણાય છે ?

૨. ભગવાન આ પૃથ્વી ઉપર કાયમ માટે કેવી રીતે વિચરે છે ?

૩. ભગવાનનો અનુભવ કેવી રીતે થાય છે ?

૫. આટલું ના ખાશો

ડુંગળી ખવાય નહિ
લસણ ખવાય નહિ
હૉટલનું ખવાય નહિ

ઈંડાં તો ખવાય જ નહિ
માંસ તો ખવાય જ નહિ
દારૂ તો ચખાય જ નહિ

આ બધું ખાવાથી શરીર બગડે
આ બધું ખાવાથી મન બગડે
આ બધું ખાવાથી પાપ લાગે

ખરાબ વિચારો આવે
ખરાબ કામો થાય
અને નરકમાં પડાય

તેથી એના વગર જીવવું સારું
ભગવાનને મન ભાવવું પ્યારું

સ્વાધ્યાય

ખરું કે ખોટું જણાવો :

૧. હૉટલનું ખાવાથી સારા વિચારો આવે.

૨. માંસ ખાવાથી પાપ લાગે.

૩. દારૂ ચાખવાથી નરકમાં ન પડાય.

૪. ડુંગળી ખાવાથી ખરાબ કામો થાય.

૬. ગુરુ

'ગુ' એટલે અંધકાર, 'રુ' એટલે પ્રકાશ. આપણે શું કરવું ને શું ન કરવું તેની ખબર ન હોય તે અંધકાર. તે અંધકારમાંથી પ્રકાશમાં લઈ જાય, એટલે કે શું કરવું ને શું ન કરવું જોઈએ તેનું જ્ઞાન આપે તે સાચા ગુરુ.

તમે ભૂલી પડેલી બકરીની વાર્તા તો સાંભળી હશે. બકરી જંગલમાં ભૂલી પડી. ત્યાં ધૂળમાં તેણે પંજો જોયો. પંજો સિંહનો હતો. બકરીએ તો વાપરી ચતુરાઈ ! ત્યાં પંજા ઉપર જ પલાઠી લગાવી આરામથી બેસી ગઈ.

રાત પડી. એકદમ અંધારું અંધારું થઈ ગયું. અડધી રાત્રે પ્રાણીઓ ફરવા-ખોરાક શોધવા નીકળ્યા.

બકરીને ખાવા શિયાળ આવ્યું. બકરીએ તો પંજો બતાવ્યો. શિયાળે સિંહનો પંજો જોયો ને મનમાં થયું, 'આ પંજો તો સિંહનો પોતાનો છે.' આમ જાણી, તે તો બકરીને કશું કર્યા વગર નમન કરી ચાલ્યો ગયો.

એક પછી એક કરતાં તો વાઘ, ચિત્તો, બધા આવ્યા; પરંતુ જ્યાં સિંહનો પંજો જુએ ને ખાવા આવેલું પ્રાણી ભાગી જાય.

છેલ્લે તો સિંહ આવ્યો. હવે ? તેણે તો બકરીને પોતાના શરણે આવેલી જોઈ મદદ કરી. બકરીને હાથી ઉપર બેસાડી એના ઘર સુધી પહોંચાડી.

આપણે પણ એવા સાચા ગુરુના શરણે જઈએ તો ગુરુ આપણું રક્ષણ કરે. આપણે દુખી હોઈએ તો ગુરુકૃપાથી સુખી થઈએ. ખરાબ સોબતે ચડી ગયા હોઈએ તો સારા સંગે ચડીએ. કૃપાથી આપણામાં સારા ગુણો આવે, આપણે પવિત્ર બનીએ.

આવા સાચા ગુરુને શરણે જઈએ અને એ કહે તેમ કરીએ તો આપણાં બધાં પાપ બળી જાય અને પછી ભગવાન આપણી પાસે આવે.

આપણે આપણા ગુરુનું સ્મરણ રોજ કરવું જોઈએ, હર ઘડીએ કરવું જોઈએ.

આપણા ગુરુ કોણ ? પ્રમુખસ્વામી મહારાજ.

એમના ગુરુ ? યોગીજી મહારાજ.



એમના ગુરુ ? શાસ્ત્રીજી મહારાજ.
એમના ગુરુ ? ભગતજી મહારાજ.
એમના ગુરુ ? અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી.
આપણા ઈષ્ટદેવ ? સહજાનંદ સ્વામી.

સ્વાધ્યાય

એક વાક્યમાં જવાબ આપો :

૧. 'ગુ' એટલે શું ?
૨. આપણા ગુરુ કોણ ?
૩. ભગતજી મહારાજના ગુરુ કોણ ?
૪. યોગીજી મહારાજના ગુરુ કોણ ?
૫. આપણા ઈષ્ટદેવ કોણ ?

ત્રણ લીટીમાં જવાબ આપો :

૧. સાચા ગુરુ કોણ ?
૨. ગુરુકૃપાથી શું શું થાય ?

૭. સ્તુતિ

ગુણાતીતોઽક્ષરં બ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમઃ ।
જનો જાનન્નિદં સત્યં મુચ્યતે ભવબન્ધનાત્ ॥

અર્થ : ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષરબ્રહ્મ છે, ભગવાન પુરુષોત્તમ નારાયણ શ્રીજીમહારાજ છે. જે જન આ સત્ય સિદ્ધાંત જાણે-સમજે છે તે ભવબંધનથી મુક્ત થાય છે.

☆

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ
ત્વમેવ બન્ધુશ્ચ સખા ત્વમેવ ।
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ
ત્વમેવ સર્વં મમ દેવદેવ ॥

અર્થ : તમે જ માતા છો, તમે જ પિતા છો
તમે જ બંધુ છો, તમે જ મિત્ર છો



તમે જ વિદ્યા છો, તમે જ ધન છો
દેવોના દેવ ! તમે જ મારું સર્વસ્વ છો.

☆

ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુઃ ગુરુર્દેવો મહેશ્વરઃ ।
ગુરુઃ સાક્ષાત્ પરં બ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥

અર્થ : દુનિયાનાં દુઃખો દૂર કરવાનો માર્ગ બતાવનાર ગુરુ એ જ બ્રહ્મા છે, એ જ ગુરુ વિષ્ણુ છે, એ જ ગુરુ મહાદેવ છે, જ્ઞાન આપનાર ખરા ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ છે.

એવા ગુરુને હું નમસ્કાર કરું છું.

☆

ૐ સહ નાવવતુ સહ નૌ ભુનક્તુ સહ વીર્યં કરવાવહૈ ।
તેજસ્વિ નાવધીતમસ્તુ મા વિદ્વિષાવહૈ ॥
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ।

અર્થ : હે પરમાત્મા અમારી (ગુરુ, શિષ્ય) બંનેની રક્ષા કરો.
અમારા બંનેનું પાલન કરો.
અમે સાથે રહી તેજસ્વી-દૈવી કાર્યો કરીએ.
અમે કરેલું અધ્યયન તેજસ્વી અને દૈવી થાય.
અમે એકબીજાનો દ્વેષ ન કરીએ.

સ્વાધ્યાય

શ્લોક પૂરો કરો :

૧. ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ....

અર્થ લખો :

૧. ગુણાતીતોઽક્ષરં બ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમઃ ।
જનો જાનન્નિદં સત્યં મુચ્યતે ભવબન્ધનાત્ ॥

૮. જો સારા થવું હોય તો....

આટલું કરીએ

દરરોજ માતા-પિતાને વંદન કરીએ.
સંતોને વંદન કરીએ.
વડીલોને માન આપીએ.
નિયમિત અભ્યાસ કરીએ.
રોજ કસરત-વ્યાયામ કરીએ.
સ્વચ્છ રહીએ.
શુદ્ધ વર્તનથી પવિત્ર બનીએ.
શુદ્ધ ઉચ્ચારથી ગાઈએ-વાંચીએ.
હંમેશાં સાચું જ બોલીએ.
સ્વામીની વાતો, સુભાષિત, સ્તુતિ ગોખીએ.
રોજ મંદિર જઈએ.
બાળસભામાં નિયમિત જઈએ.

આટલું ન કરીએ

નખ, વાળ વધારીએ નહિ.
નાટક-સિનેમા જોઈએ નહિ.
કોઈની સાથે ક્લેશ કરીએ નહિ.
ચોરી ન કરીએ.
જુગાર ન રમીએ.
ખરાબ ન વાંચીએ.

કોઈના ચાળા પાડીએ નહિ.
સહેજમાં રિસાઈએ નહિ.
કોઈને પજવીએ નહિ.
કોઈનું ખરાબ ન ઇચ્છીએ.
ક્યારેય ગાળ ન બોલીએ.
ખરાબ છોકરાની સોબત ન રાખીએ.
તો જ આપણે સારા બનીશું.
તો જ આપણે પ્રમુખસ્વામીના
સાચા બાળક બનીશું.

સ્વાધ્યાય

ખરું કે ખોટું જણાવો :

૧. સંતોને વંદન કરીએ.
૨. નિયમિત અભ્યાસ ન કરીએ.
૩. બાળસભામાં નિયમિત જઈએ.
૪. નાટક સિનેમા જોઈએ નહિ.
૫. ખરાબ છોકરાની સોબત રાખીએ.

૯. આરતી

જય સ્વામિનારાયણ, જય અક્ષરપુરુષોત્તમ,
અક્ષરપુરુષોત્તમ જય (૨), દર્શન સર્વોત્તમ...
જય સ્વામિનારાયણ... ટેક

મુક્ત અનંત સુપૂજિત, સુંદર સાકારમ્, (જય) (૨)
સર્વોપરી કરુણાકર (૨), માનવ તનુધારમ્... જય. ૧.

પુરુષોત્તમ પરબ્રહ્મ, શ્રીહરિ સહજાનંદ, (જય) (૨)
અક્ષરબ્રહ્મ અનાદિ (૨), ગુણાતીતાનંદ... જય. ૨.

પ્રકટ સદા સર્વકર્તા, પરમ મુક્તિદાતા, (જય) (૨)
ધર્મ એકાંતિક સ્થાપક (૨), ભક્તિ પરિત્રાતા... જય. ૩.

દાસભાવ દિવ્યતા સહ, બ્રહ્મરૂપે પ્રીતિ, (હો) (૨)
સુહૃદભાવ અલૌકિક (૨), સ્થાપિત શુભ રીતિ... જય. ૪.

ધન્ય ધન્ય મમ જીવન, તવ શરણે સુફલમ્, (હો) (૨)
યજ્ઞપુરુષ પ્રવર્તિત (૨), સિદ્ધાન્તં સુખદમ્... જય. ૫.

જય સ્વામિનારાયણ, જય અક્ષરપુરુષોત્તમ...
અક્ષરપુરુષોત્તમ જય (૨), દર્શન સર્વોત્તમ...
જય સ્વામિનારાયણ, જય અક્ષરપુરુષોત્તમ... જય સ્વામિ...

'સ્વામીની વાતો' એટલે મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીની વાતો.
સ્વામીની વાતો એટલે શ્રીજીમહારાજના મહિમાની વાતો.
સ્વામીની વાતો એટલે વિષય, વ્યસન ને વહેમ મૂકવાની વાતો.
સ્વામીની વાતો એટલે સરસ મજાના સત્સંગનાં સૂત્રો.

સ્વામીની વાતો એવી સાદી, સરળ ને સચોટ કે જે સાંભળે તેને જીવમાં ઊતરી જાય. સત્સંગનો રંગ લાગી જાય. યોગીજી મહારાજે ઘણી જ સ્વામીની વાતો મોઢે કરેલી. નાની નાની સરસ મજાની વાતો મોઢે બોલવામાં મજા આવે. પ્રમુખસ્વામી રાજી થાય. આપણે પણ સ્વામીની વાતો મોઢે કરવી. અહીં થોડી વાતો વાંચીએ અને વિચારીએ.

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે,

(૧) આપણે તો અક્ષરધામમાં જાવું છે એવો એક સંકલ્પ રાખવો.
(૨) આપણે ભગવાનના છીએ પણ માયાના નથી, એમ માનવું.
(૩) કેટલેક રૂપિયે આંખ, કાન, નાક આદિક ઇંદ્રિયું મળે નહિ તે ભગવાને આપ્યાં છે, પણ જીવ કેવળ કૃતઘ્ની છે.
(૪) કરોડ કામ બગાડીને પણ એક મોક્ષ સુધારવો ને કદાપિ કરોડ કામ સુધાર્યાં ને એક મોક્ષ બગાડ્યો તો તેમાં શું કર્યું ?
(૫) નિરંતર સર્વ ક્રિયામાં પાછું વળીને જોવું જે, મારે ભગવાન ભજવા છે



ને હું શું કરું છું ? એમ જોયા કરવું.

(૬) ગાફલાઈ ટાળવાનું કારણ એ છે જે ખટકો રાખે તો ટળે ને બીજો ઉપાય તો કોઈક શિક્ષા કરે ત્યારે ટળે.

(૭) આવા સાધુને મનમાં સંભારીએ તો મનનાં પાપ બળી જાય ને વાતો સાંભળીએ તો કાનનાં પાપ બળી જાય ને દર્શન કરીએ તો આંખનાં પાપ બળી જાય એમ મહિમા જાણવો.

સ્વાધ્યાય

નીચેની વાતો પૂરી કરો :

૧. આપણે તો અક્ષરધામમાં.....

૨. કરોડ કામ બગાડીને.....

૩. ગાફલાઈ ટાળવાનું કારણ.....

૪. આવા સાધુને મનમાં સંભારીએ.....

આટલું કરજો -:

બાળકોના 'મુખપાઠ માટે સ્વામીની વાતો' પુસ્તિકા મેળવીને તેમાંથી 'સ્વામીની વાતો' કંઠસ્થ કરજો અને માતા-પિતા કે શિક્ષક પાસેથી તેનો અર્થ સમજી લેજો.

૧૧. મંદિર

આપણને રહેવા માટે ઘર જોઈએ તેમ ભગવાનને રહેવા માટે પણ ઘર જોઈએ ને ? ભગવાનના ઘરને મંદિર કહેવાય.

આ મંદિર છે. તેમાં ઉપર જવા માટે ત્રણ બાજુ સીડી હોય છે. ઘણાં મંદિરમાં આગળ બે સીડી હોય છે.

આગળની સીડીથી ચઢતાં, મંદિર ઉપર, બે બાજુ, બે નાની દેરી હોય છે. તેમાં હનુમાનજી અને ગણપતિની મૂર્તિ હોય છે.

ભગવાનને ફરતી પ્રદક્ષિણા કરવા મંદિર ફરતી પહોળી જગ્યા હોય છે, તેને પ્રદક્ષિણા કહેવાય.

વચમાં મોટો ઘુંમટ હોય છે. આજુબાજુ નાની ઘૂમટીઓ હોય છે. ઘુંમટ નીચેના ભાગને મંડપ કહેવાય.

મંદિરમાં ત્રણ શિખર હોય છે. વચલું શિખર મોટું હોય છે. આજુબાજુ



બે નાનાં શિખર હોય છે.

શિખર નીચે જ્યાં મૂર્તિઓ પધરાવાય છે તેને નિજમંદિર કહેવાય. મૂર્તિઓને પધરાવવા માટે સિંહાસન હોય છે તે લાકડાનું હોય. તેના ઉપર ચાંદી કે સોનાનાં પતરાં મઢ્યાં હોય.

સુંદર નકશીવાળા થાંભલાઓ મંદિરની શોભા વધારે. બે થાંભલાની વચ્ચે ઝૂલતી કમાનો, ઝૂલતાં તોરણો પણ મંદિરની શોભા વધારે. થાંભલાઓ ઉપર સંતો-ભક્તોની મૂર્તિઓ સુંદર લાગે.

સ્વાધ્યાય

એક વાક્યમાં જવાબ આપો :

૧. ભગવાનના ઘરને શું કહેવાય ?

૨. જ્યાં મૂર્તિઓ પધરાવાય તેને શું કહે ?

૧૨. કીર્તન

અક્ષરધામના બાળક અમે, અક્ષરધામથી આવ્યા;
અક્ષરધામમાં જાશું અમે, અક્ષરને મન ભાવ્યા....ટેક ૦
નાના નાના બાળ અમે, સ્વામીને વ્હાલા બાળ અમે;
શ્રીજીને વ્હાલા બાળ અમે, સંતોને વ્હાલા બાળ અમે....અક્ષર૦ ૧

વહેલા ઊઠી ધ્યાન ધરશું, નાહી ધોઈને પૂજા કરશું;
'સ્વામિનારાયણ' મંત્ર ભણશું, પ્રગટ પ્રભુને પ્રણામ કરશું....અક્ષર૦ ૨
માતાપિતાને પાયે પડશું, સંતજનોને ચરણે નમશું,
દેવ મંદિરે દર્શન કરશું, દંડવત્ કરશું, કીર્તન કરશું....અક્ષર૦ ૩
અક્ષરને મન ભાવ્યા અમે, પુરુષોત્તમને જાણ્યા અમે,
વંદન કરીએ ગુરુજી તમને, સદાય રાખો ચરણે અમને....અક્ષર૦ ૪

સ્વાધ્યાય

આ કીર્તન કંઠસ્થ કરવું.

